# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol 15 - Issue 10
October 2022
Price 12/-





જૂનાગઢ ખાતે HCG હોસ્પીટલ દ્વારા આયોજિત 'સર્વ રોગ નિદાન કેમ્પ'નું ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. દમયંતીદીદી સાથે ડૉક્ટર્સ ટીમ.



અમદાવાદ મહાદેવનગર ખાતે 'ગણેશ ઉત્સવ' સાંસ્કૃતિક કાર્યક્રમમાં કુમારો સાથે બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ.કોકિલાબેન, બ્ર.કુ. ઈન્દુબેન.




સુરત પરવટ ખાતે 'મૂલ્ય શિક્ષણ તાલીમ શિબિર'ના ઉદ્‌ઘાટનમાં બ્ર.કુ. સ્વામીનાથનભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. સંગીતાબેન સાથે વિવિધ શાળાઓના અગ્રણી ટ્રસ્ટીશ્રીઓ.



સાવલીમાં 'શિક્ષક દિવસે' આદર્શ શિક્ષકની ભૂમિકા નિભાવનાર આચાર્યો અને શિક્ષકોનું શિલ્ડ, સર્ટિફિકેટ અને ખેસ અર્પણ કરી સન્માનીત કર્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. શારદાબેન.



રાજકોટ અવધપુરીમાં બ્ર.કુ. મયૂરીબેનના તૃતીય સ્મૃતિદિને આયોજિત 'રક્તદાન કેમ્પ'માં મેયર ભ્રાતા પ્રદીપભાઈ, પુરુષાર્થ યુવક મંડળના પ્રમુખ કિશોરભાઈ, BJP શહેર પ્રમુખ કમલેશભાઈ, બ્ર.કુ. રેખાબેન.



વિરમગામ ખાતે 'કલ્પતરૂ અભિયાન' અંતર્ગત શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં MLA ભ્રાતા લાખાભાઈ ભરવાડને છોડ અર્પણ કરતાં બ્ર.કુ. ધર્મિષ્ટાબેન.



ગાંધીનગરમાં 'સાર્વજનિક ગણેશોત્સવ'માં બ્ર.કુ. કૈલાસબેનનું સન્માન કરતાં જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ભગિની ચેતનાબેન.



માળીયા હાટીના ખાતે 'કલ્પતરૂ અભિયાન'માં મામલતદાર ભ્રાતા પ્રતાપસિંહ, સરપંચ જીતુભાઈ, મેડિકલ ઓફિસર આભાબેન, BJP જિલ્લા પૂર્વ પ્રમુખ ઠાકરશીભાઈ, બ્ર.કુ. રૂપાબેન, બ્ર.કુ. મીતાબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૫ ઓક્ટબર - ૨૦૨૨ અંક : ૧૦

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- તીવ્ર આધ્યાત્મિક પુરુષાર્થ....................તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ..................................દાદી જાનકીજી ..07
- દીપાવલીનું આધ્યાત્મિક રહસ્ય .......બ્ર.કુ. જગદીશચંદ્ર ..09
- પ્રસન્નતાના પથ પર ...................બ્ર.કુ. શિવાનીબેન ..12
- વેદચિંતન ...................................બ્ર.કુ. સૂર્યભાઈ ..13
- પરિવર્તન જ પ્રગતિનું સહજ. ..........બ્ર.કુ. આત્મપ્રકાશ ..17
- સહનશીલતા..............................બ્ર.કુ. હેમંતભાઈ ..20
- વિજયાદશમી અથવા દશેરા...........બ્ર.કુ. દમયંતીદીદી ..24
- ક્રોધમુક્ત ...................................બ્ર.કુ. મધુબેન ..26
- દિવ્યદર્શન ...............................બ્ર.કુ. નંદિનીબેન ..28
- જીવન અને મૃત્યુ ..........................બ્ર.કુ. અનિલ ..28
- પ્રસંગ પરિમલ .........................................30
- સમય વર્તે સાવધાન .......................બ્ર.કુ. કિશોર ..32
- સંગમયુગની શબ્દાવલી ..................................33



**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 99798 99104**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની ભારતીદીદી**


**-:- વિશેષ નોંધ -:-**

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકે છે. તેમને જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના દરેક મહિનાના અંક મળશે. જેમનું લવાજમ જમા કરાવવાનું બાકી હોય, તેઓને સત્વરે જમા કરાવીને જાણ કરવા વિનંતી.

**આવશ્યક નોંધ**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**


**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# તીવ્ર આધ્યાત્મિક પુરુષાર્થ

તીવ્ર પુરુષાર્થની આધ્યાત્મિક પરિભાષા આપીએ તો તીવ્ર પુરુષાર્થ એટલે ઝડપી, પરિણામલક્ષી, દૃષ્ટિ સંપન્ન, કલ્યાણકારી પુરુષાર્થી. 'એકવાર જે ભૂલ થઈ તે ફરીથી ના થાય.' એવું મમ્માએ કહેલું છે. આ છે તીવ્ર પુરુષાર્થની સચોટ પરિભાષા.

તીવ્ર પુરુષાર્થમાં મુખ્યત્વે ચાર બાબતોને આવરી લેવી જરૂરી છે. (૧) સંસ્કાર પરિવર્તન, (૨) સમયનું મૂલ્ય (૩) સમર્પણભાવ અને (૪) સેવાભાવ. આ ચારે વિષયોમાં તીવ્ર પુરુષાર્થનું કાર્યક્ષેત્ર આવી જાય છે. અમુક ગુણો, શક્તિઓ, વિશેષતાઓ ધારણ કરીએ છીએ ત્યારે તેની સાથે જોડાયેલાં અન્ય ગુણો, શક્તિઓ પણ તેમાંથી મળે છે. જ્ઞાન, ગુણ, શક્તિઓથી દિવ્યતાની વૃદ્ધિ થાય છે.

મીઠા બાબાએ 'તીવ્ર પુરુષાર્થ' વિશે કહ્યું છે, **'જે સર્વ પ્રત્યે કલ્યાણકારી વૃત્તિ અને શુભચિંતક ભાવ રાખે છે તે તીવ્ર પુરુષાર્થી છે. ભલે કોઈ વારંવાર પછાડવાનો પ્રયાસ કરે, મનને ડગમગ કરે, વિઘ્નરૂપ બને છતાં પણ આપનો એના પ્રત્યે સદા શુભચિંતકનો અડોલ ભાવ રહે. વાતોને કારણે ભાવના બદલાય પણ દરેક પરિસ્થિતિમાં વૃત્તિ અને ભાવ યથાર્થ હોય તો આપના ઉપર એનો પ્રભાવ પડશે નહીં. પછી કોઈપણ વ્યર્થ વાતો જોવામાં નહીં આવે. સમય બચી જશે. આ છે વિશ્વ કલ્યાણકારી અવસ્થા.'**

(સાકારવાણી, તા. 28-12-2016)

હવે ચાર મુદ્દાઓની વાત કરીએ.

### સંસ્કાર પરિવર્તન

સંસ્કાર પરિવર્તન માટે ઝાટકુ બનવું પડે. મમ્મા, દાદીઓ નાની વયે ઓમમંડળીમાં આવ્યાં. કેટલાંક બ્રહ્માકુમારીઝ નામકરણ પછીથી આવ્યાં. પણ દિવ્ય સાક્ષાત્કારોથી દિવ્ય અનુભૂતિઓ થતાં જૂના, પુરાણા સંસ્કારો ઝાટકુ બનીને બદલી દીધા. તે માટે બહુ સમય ના લીધો. લૌકિક સંસ્કારો, ખાનપાન, રીતિ રિવાજો, રહેણીકરણી બદલવી, પવિત્રતાની ધારણા કરવી આ બધી સામાન્ય વાતો નથી. પણ આ મહાન આત્માઓએ તીવ્ર પુરુષાર્થથી સંસ્કાર પરિવર્તન કરીને સમાજને ચોંકાવી દીધો. જે સંસ્થાનો પાયો જ આટલો મજબૂત હોય તેને કોણ ડગાવી શકે ? તીવ્ર પુરુષાર્થ દ્વારા સંસ્કાર પરિવર્તન એવું હોય કે જેમાં મન, વાણી, કર્મની એકરૂપતા રહે. આત્મા સ્વરાજ્ય અધિકારી બને. જૂના પુરાણા સંસ્કારો, પાછલા જન્મના વ્યર્થ સંસ્કારો દગ્ધ થઈ જાય. એકાગ્રતાપૂર્ણ, દૃઢ મનોબળથી તીવ્ર પુરુષાર્થ કરતાં સંસ્કારો દિવ્ય બને છે. ટૂંકમાં જે મહાન આત્માઓ બન્યા છે, યજ્ઞમાં નામ રોશન કર્યું છે. પ્રસિદ્ધિ પામ્યાં છે તેઓ સંસ્કાર પરિવર્તનની ઉલ્લેખનીય પ્રતિભાઓ છે.

### સમયનું મૂલ્ય

સમાપ્તિવર્ષની ઘોષણા થઈ. અવ્યક્ત બાપદાદાના મિલનમાં પરિવર્તન થયું. વિશ્વની પરિસ્થિતિ સ્ફોટક છે. બીજા વિશ્વયુદ્ધમાં જાપાનના હીરોશીમા અને નાગાસાકી ઉપર ફેંકાયેલાં બૉંબ કરતાં આજે અતિ આધુનિક, ઘાતકી, વિનાશકારી અણુશસ્ત્રોનું નિર્માણ થઈ

રહ્યું છે. આ અણુશસ્ત્રોનો જેના ઉપર પ્રહાર થશે તે તો નહીં બચે સાથે સાથે પ્રહાર કરનારા પણ નહીં બચે. ઘડીના છઠ્ઠા ભાગમાં ન બનવાનું બની જશે. સંગમયુગ પૂર્ણ થવામાં છે ત્યારે સંગમયુગની પળે પળ કીમતી છે, મૂલ્યવાન છે. તેનો પરિણામલક્ષી ઉપયોગ કરવો એટલે તીવ્ર પુરુષાર્થ.

## સમર્પણ ભાવ

સમર્પણ માટે હવે રાહ જોવાનો સમય નથી. તન, મન, ધન, સમય, સંકલ્પ, શ્વાસ, બાબાને, યજ્ઞને સમર્પિત કરવામાં કોઈ ચોઘડિયું જોવાની જરૂર નથી. તેના માટે કમૂરતાં નડતાં નથી. સત્કાર્ય શ્રેષ્ઠ કાર્ય જ્યારે કરીએ ત્યારે તે કલ્યાણકારી જ છે. પોતાનું ભાગ્ય બનાવનાર છે. સમર્પણ લૂલુ લંગડુ ના હોય. પોતે સમર્પણની પાકી પ્રક્રિયા ના કરી હોય, તો પાછળથી સંતાનોની મતિ બદલાતાં એ સમર્પણ ધોવાઈ જાય છે.

ધનનું તો સમર્પણ કર્યું પણ પછીથી આહાર, આરામ અને આળસમાં સમય ગયો. કોઈ પરિણામલક્ષી, ઉલ્લેખનીય સેવા ના કરી તો જમા ખાતું ઘટતું જશે. ઉધારખાતું વધતું જશે. સમર્પણની યથાર્થ પરિભાષા જાણવા માટે સાત દિવસ ચાલેલી અવ્યક્તવાણીઓનું અધ્યયન કરવું જરૂરી છે. તેને ત્યાગનો સપ્તાહ કોર્સ કહે છે. સમર્પણની દિવ્યખુશી ચહેરા ઉપર દેખાવી જોઈએ. જીવનની સંતુષ્ટતા અને ધન્યતાની નિરંતર અનુભૂતિ થાય. તેનાથી વિરુદ્ધની વાતો જોવા મળે તો કહી શકાય કે આ સમર્પણ અધૂરું છે. દિલનું નથી, દિમાગનું છે.

## સેવાભાવ

રુહાની સેવા એવી હોવી જોઈએ જે આત્માઓને સ્પર્શી જાય. જીવન પરિવર્તન માટે નિમિત્ત બને. દુ:ખી, અશાંત, હતાશ, નિરાશ આત્માઓના ચહેરાઓ આનંદથી ખીલી ઉઠે. હૃદયના ઉમંગ, ઉત્સાહથી કરેલી સેવા સફળ થાય છે. જે બ્રહ્માકુમારી બહેનો, બ્રહ્માવત્સો લગનથી, સમર્પિતભાવથી, પારદર્શિતાથી, નિષ્કામભાવથી સેવા કરે છે તેનું સુંદર પરિણામ અવશ્ય મળે છે. ભિન્ન ભિન્ન ઉલ્લેખનીય શોધો કરનાર શિવશક્તિઓએ આધ્યાત્મિક ઈતિહાસમાં અધ્યાય રચી પોતાનું નામ રોશન કર્યું છે.

સ્વઉન્નતિની સેવા સંગઠનમાં કરવાથી તે અસરકારક બને છે. તેનાથી ઉમંગ, ઉત્સાહભર્યા વાયુમંડળથી ચમત્કારી પરિણામો મળે છે. યોગના વિભિન્ન કાર્યક્રમો, ભઠ્ઠીઓ, જ્ઞાનના ભિન્ન ભિન્ન વિષયોનાં અધિકારી વક્તાઓ દ્વારા પ્રવચનો, સાકાર અને અવ્યક્તવાણીઓનું અધ્યયન જરૂરી છે.

બાબા કહે છે કે બીન વિવાદાસ્પદ, જીવન-મૂલ્યોને અગ્રતાક્રમ આપી સેવા થાય છે પણ આ નવી દુનિયાનું નવું જ્ઞાન છે તેનો પણ સંદેશ મળવો જોઈએ. રાજયોગી જગદીશચંદ્રનું 'નઈ દુનિયાકા નયા જ્ઞાન' પુસ્તક આ માટે ઉપયોગી બનશે. સેવામાં માત્ર પ્રેમ, પાલના અને પ્રસન્નતાનું પ્રમાણપત્ર પૂરતું નથી. પણ સ્વયં પરમાત્મા સૃષ્ટિ પરિવર્તનનું આ કાર્ય કરાવી રહ્યા છે. તેની પ્રત્યક્ષતા થાય તે જરૂરી છે. સ્પાર્ક દ્વારા થતી પરિણામલક્ષી સેવાઓ ઉલ્લેખનીય બને છે. અન્ય વીંગો પણ નોંધપાત્ર સેવાઓ કરે છે.

સેવામાં સ્પર્ધાભાવ નહીં પણ સદ્ભાવના હોય. વધારે ખર્ચ કરીને, ભવ્ય સજાવટથી સેવા થાય પણ તે અપૂરતી છે. ચહેરા અને ચલન દ્વારા સેવા થાય તો તે અસરકારક બને છે. સેવા કોઈના ઉપર લાદી શકાતી નથી. તે સ્વયંમાંથી જન્મે છે. જે બ્રહ્માવત્સ બાબા પ્રત્યેના પ્રેમ, ઉમંગ, ઉત્સાહથી સેવા કરે છે. તે સેવાને દીપાવે છે. સેવા કોઈ નાની

કે મોટી હોતી નથી. ચાહે વાણીની હોય, ધનની હોય, કર્મણા સેવા હોય પણ તેમાં આપણો ભાવ અને ભાવના કેવી છે તે મહત્ત્વનું છે. આજના અદ્યતન સંચાર સાધનોના જમાનામાં સેવામાં પણ પરિવર્તન આવ્યું છે. પ્રોજેક્ટર શો ભૂલાઈ ગયા છે. એક વખતે મુદ્રિત મુરલી ધનની જેમ મહત્ત્વ પામતી હતી. આજે ટી.વી., ઈન્ટરનેટ, મોબાઈલના માધ્યમથી તે સહજ પ્રાપ્ય છે. મુરલીની પ્રાપ્યતા વધી છે પણ મુરલી દ્વારા થતી જીવન પરિવર્તનની પ્રક્રિયા ઘટી છે. રેડિયો, ટી.વી. સાયબર મીડિયા દ્વારા થતી સેવા ઝડપી અને દેશ તથા દુનિયાના ખૂણે ખૂણે પહોંચે છે. આવા માધ્યમથી રાજયોગિની બ્રહ્માકુમારી શિવાનીબેન જેવા સમર્થ વક્તાઓ જે સેવા કરે છે તેના ફલસ્વરૂપે બ્રહ્માવત્સો અને ભવનનિર્માણની માત્રા વધતી જાય છે.

ટૂંકમાં તીવ્ર પુરુષાર્થ કરવાનો આ અવસર છે. ખાણમાંથી નીકળેલા હીરાને ચમકદાર બનાવનાર તીવ્ર પુરુષાર્થ છે. સમયને સોનેરી બનાવવાની આ પળો છે. જીવનને ધન્ય બનાવવાની મંઝિલ એટલે તીવ્ર આધ્યાત્મિક પુરુષાર્થ. આપ સૌ તીવ્ર આધ્યાત્મિક પુરુષાર્થ દ્વારા સિદ્ધિ સંપન્ન બનો, બાબાની પ્રત્યક્ષતા માટે નિમિત્ત બનો એવી અંતરમનની શુભકામના.

॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

- **જે માનવો હંમેશા પ્રસન્નચિત્ત રહે છે તે આધ્યાત્મિક દૃષ્ટિથી વધુ પરિપક્વ હોય છે.**
- **માનવ ગમે તેટલો વિદ્વાન હોય પણ જોતે વાતાવાતમાં ગુસ્સે થઈ જતો હોય તો તેની વિદ્વતાનો કશો અર્થ નથી.**
- **લક્ષ્ય વગરની પ્રવૃત્તિ પણ મનની સ્થિરતા ડગમગાવી નાખે છે.**

**(પેજ નં. 12નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ**

આખી સૃષ્ટિ કરવા લાગી ત્યારે કળિયુગ રચાયો.

હવે કળિયુગને સતયુગ બનાવવાનો છે, તે કેવી રીતે થશે. પહેલા બધા શાંત હતા ત્યારે એકે ગુસ્સો કર્યો હશે. હવે શું થશે, બધા પરેશાન હશે ત્યારે એક મજબૂત રહેશે. પહેલા બધા સાચું બોલતા હતા, ત્યારે એક જૂઠ બોલ્યો હશે. હવે મોટા ભાગના લોકો જૂઠ બોલે છે અને એક સાચું બોલે છે. પહેલા બધા પ્રામાણિક હતા પણ એકે લાંચ લીધી હશે. હવે તમારે પોતાની જાતને પૂછવાનું છે કે, શું હું તે એક છું? શું હું તે એક બનવા માગુ છું? મને જોઈ રહેલો પરમાત્મા શું કહે છે - તમે જેવું કર્મ કરશો, એવું તમને જોઈને બીજા કરશે. જ્યારે આપણે કંઈક કરીએ છીએ, ત્યારે આપણા વાયબ્રેશન ચારેય તરફ ફેલાય છે. તે બીજાને પણ સ્પર્શે છે. તે પણ એવું કરવાનું શરૂ કરશે, પરંતુ તેના પર એક હિંમતવાળો ભારે પડશે.

બધા આસપાસ અશાંત છે, પરેશાન છે, ગુસ્સામાં છે. એવું કહેવાય છે કે, ગુસ્સો પણ કરવો પડે છે, પરંતુ મારે તો સતયુગ લાવવો છે, જો તે સરળ હોત, તો હિંમતની શું જરૂર છે? આપણે વહેણની ઊલટી દિશામાં એક સંકલ્પ કરી રહ્યા છીએ. મોટા ભાગના લોકો એક જ દિશામાં ચાલે છે, પરંતુ આપણે તેમની સામેની દિશામાં જવાનું છે. આપણે એવા સમયમાં ચાલી રહ્યા છીએ, જ્યાં વાતાવરણના વાયબ્રેશન પણ નેગેટિવ છે, પરંતુ તે વાયુમંડળ આપણે બદલવાનું છે. જે નક્કી કરી લેશે, તે કરી લેશે કારણ કે, આપણે એકલાએ નથી કરવાનું. આપણને પરમાત્માની શક્તિને આપણી સાથે લઈને ચાલવાનું છે. આપણે ફક્ત નિર્ણય લેવાનો છે. શું આપણે તેના માટે તૈયાર છીએ.

**॥ ઓમશાંતિ ॥**

## અમૃતધારા

# બંધનમુક્ત કર્મ

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



શિવબાબા આવ્યા છે આપણા સર્વ મનોરથો પૂર્ણ કરવા. પણ જ્યારે આપણું દિલ સાફ હોય છે ત્યારે મનોરથો પૂર્ણ થાય છે. સાફ દિલથી મનોરથો સફળ થાય છે. ઈચ્છાઓ સારી ઉન્નતિ કરાવે તેવી હોવી જોઈએ. જેમાં અન્યનું પણ કલ્યાણ સમાયેલું હોય, તો ઈચ્છાઓ અવશ્ય પૂરી થાય છે. પણ શરત છે કે દિલ સાફ હોવું જોઈએ. બાબા કહે છે બાળકો, સ્વધર્મમાં સ્થિત થઈ જાઓ. સ્વધર્મમાં સ્થિત થવા માટે મનથી શાંત અને વાણીથી પણ મૌન રહેવું મુખ્ય જરૂરી છે. જેટલા મૌનમાં રહીશું એટલી મનની એકાગ્રતા સહજ, સારી અને સ્થિર બની શકે છે. આવશ્યક વિનાના બોલ પણ મનની એકાગ્રતા માટે વિઘ્ન રૂપ છે. તે બુદ્ધિને સ્થિર, શાંત થવા દેતા નથી. કાચબો જેમ જરૂર હોય ત્યારે કર્મેન્દ્રિયોનો ઉપયોગ કરે છે અને જરૂરના હોય ત્યારે અંગો સમેટી લે છે આ રીતે સ્વધર્મમાં સ્થિત થઈએ. હું આત્મા કર્મેન્દ્રિયો દ્વારા કાર્ય કરાવી રહ્યો છું તેનું ભાન રહે. બાબાનું સત્યધર્મની સ્થાપનાનું કાર્ય ચાલી રહ્યું છે. તેમાં હું મદદગાર છું. મારા મન, વચન, કર્મ, સત્યધર્મની સ્થાપના માટે છે.

ધર્મની પાલનામાં આપણે કોઈપણ હાલતમાં નીચે ના આવીએ. સ્વધર્મમાં સ્થિત રહીએ. મહેનત ના કરવી પડે તેવી સાહજિક અડોલ સ્થિતિ બની રહે. જો કોઈ સમયે કોઈ થોડો ઘણો સહયોગ આપે છે જે સેવા કરે છે એનું બાબા (પરમપિતા શિવ પરમાત્મા) રીટર્ન આપે છે. ભક્તિમાર્ગમાં પણ કોઈ હોસ્પિટલ ખોલે છે તો બાબા તેનું રીટર્ન કરે છે. આપણે જોઈ રહ્યા છીએ કે કોઈપણ આત્મા કંઈપણ સેવા કરે છે તો ભગવાન એને એનું ફળ આપે છે. કોઈ આત્માએ કરેલી સેવા બદલ જો હું ફળ આપું છું તો તે આત્માને હું ભગવાનથી વંચિત કરું છું તો હું પાપ કરું છું. (કોઈપણ સ્વરૂપે) એને રીટર્ન કરું છું તો એને એવું લાગે છે તેઓ મારા માટે કરે છે. આનાથી કર્મનો હિસાબ કિતાબ બંધાય છે. કોઈ ગમે તેટલું કરે અને આપણે આભાર ના માનીએ એમ નહીં. આભાર ના માનવો તે સભ્યતા નથી. પણ એનો અર્થ એ નહીં કે હું સહયોગ આપનારના ગુણ ગાયા કરું. આવું ન બનવું જોઈએ. હું શા માટે ગુણ ગાઉં. એને ભાગ્ય બનાવવાની તક મળી છે. તેના બદલામાં તેને ખુશી મળે છે. બાબા સર્વને પ્રત્યક્ષફળ ખુશી આપે છે. હું શુભ ચિંતક છું તો બાબાને રીટર્ન આપવા દઉં. બાબા જે રીટર્ન આપશે, તે હું નહીં આપી શકું. દરેક આત્માનું ધ્યાન બાબા તરફ જાય તેવી આપણી સેવા હોવી જોઈએ. સહયોગ કરનારા સિકીલધા (પાંચ હજાર વર્ષ પછી મળેલા) લાડલા સંતાન બનીને પૂરો વારસો લે. મારા લાડલા ના બને. આપણી ભાવના અનાસક્ત હોય, પોતાની કોઈ આસક્તિ ના હોય.

દરેક આત્માનું ધ્યાન સ્વયં તરફ ના ખેંચાવીને બાબા તરફ ખેંચાવવું આ શુભ ભાવના છે. આપણા સુપ્રીમ ટીચર કહે છે કે જે હું સમજાવી રહ્યો છું. જે રીતે સમજાવી રહ્યો છું તેવું તમારી બુદ્ધિમાં બેસી જાય. કારણ કે કોઈ વાત બાકી રહી

જશે, તો અભૂલ નહીં બની શકાય. આત્મ અભિમાની હોતા નથી યા ડ્રામા ઉપર વિશ્વાસ ના હોવાને લીધે ભૂલ થાય છે. જો આત્માનું સંપૂર્ણ જ્ઞાન બુદ્ધિમાં છે, તો દુઃખ યા અફસોસની કોઈ વાત જ નથી.

કેટલાકને દુઃખ નથી થતું પણ થોડો અફસોસ થાય છે. દુઃખ, શોક, અફસોસ ત્રણેમાં ફરક છે. દુઃખ માટે કહેવાય છે ના દુઃખ આપો, ના દુઃખ લો. પણ એવું નહીં કે થોડો અફસોસ પણ ના કરો. શોક થાય છે તે પણ સારું લાગતું નથી. જો આત્માનું જ્ઞાન સારી રીતે જેવું છે તેવું બુદ્ધિમાં બેસી જાય છે તો આ વાતથી મુક્ત રહી શકાય છે. આ આત્મ અભિમાની સ્થિતિ દુઃખ અફસોસ થવા દેતી નથી. આપણી રુહાની કમાણીનો આધાર છે દેહી અભિમાની સ્થિતિ. જે હું શબ્દથી ઉન્નતિ થાય છે તે જ શબ્દથી અવનતિ થાય છે. હું કહેતાં જ આત્માનું પોતાનું સ્વરૂપ તથા પોતાના શ્રેષ્ઠ ગુણ સ્મૃતિમાં આવી જાય.

એ વાત તો સૌ માને છે કે મનુષ્ય કર્મ વગર રહી શકતો નથી. કોઈપણ કર્મને છોડી દેવું તે પણ એક કર્મ છે. અને રોકી દેવું એ પણ કર્મ છે અને એને ન કરવાની ચેષ્ટા કરવી તે પણ એક માનસિક કર્મ છે. જે આત્મા આ કર્મ ક્ષેત્ર પર આવી જાય છે અને શરીર રૂપી કર્મેન્દ્રિયોનો સાથ લે છે, તે કર્મ વિના રહી શકતો નથી. નિંદ્રા કરવી પણ એક કર્મ છે, જે શરીરને વિશ્રામ આપવા માટે કરવામાં આવે છે.

લોકો એ પણ માને છે કે મનુષ્ય જેવું કર્મ કરે છે તેવું જ ફળ તે ભોગવે છે. મનુષ્યને એ ખબર પડતી નથી કે ક્યું ફળ ક્યા કર્મનું પરિણામ છે. કર્મનું ફળ એને વહેલા યા મોડેથી મળે છે. પરંતુ જે કર્મ કરી લીધું છે તેનું ફળ તો ભોગવવું પડે છે. મનુષ્ય એને ભોગવવા ન ઈચ્છે, તો પણ એનાથી મુક્ત થઈ શકતો નથી એનાથી મુક્ત થવાનો એક માત્ર ઉપાય યોગ તપસ્યા છે. કેટલીક વાર મનુષ્ય દ્વારા કરવામાં આવેલું નીચલી કક્ષાનું કર્મ એટલું બળવાન હોય છે કે એ એના મનને યોગમાં રસ લેવા દેતું નથી.

જ્યારે કર્મ અને એનું ફળ નક્કી છે અને મનુષ્યે કર્મ કરવાનું જ છે તો મનુષ્યે વિચારવું જોઈએ કે એણે શું કરવાનું જ છે. મનુષ્યનું કોઈ પણ કર્મ ઉદ્દેશ્ય વગરનું હોતું નથી. જ્યારે કોઈ મનુષ્ય કહે છે કે હું આ કર્મ તો એમ જ કરું છું. તે માટે મારા મનમાં કોઈ લક્ષ્ય નક્કી નહોતું આવી પરિસ્થિતિમાં પણ કોઈને કોઈ ઉદ્દેશ્ય તો હોય છે જ. એના ચેતન મનમાં એ સ્પષ્ટ ના હોય કે એનો ઉદ્દેશ્ય શું છે પરંતુ એના અવચેતનમાં તો કોઈ ઉદ્દેશ્યથી જ તે કર્મ માટે પ્રેરિત થાય છે.

તેથી જો કર્મ કર્યા વિના કોઈ રહી શકતું નથી તો એનું ફળ પણ અવશ્ય ભોગવવું પડે છે. અને કર્મનો ઉદ્દેશ્ય તો હોય છે જ. તો મનુષ્ય કર્તા અને ફળ ભોક્તાને જાણવાનો પ્રયત્ન કરે. કર્મની ગતિનું જ્ઞાન પ્રાપ્ત કરે અને કર્મના મૂળ લક્ષ્યને પણ જાણે. આ સંસાર તો પરિવર્તનશીલ છે અને મનુષ્યનું શરીર પણ પરિવર્તનના નિયમને આધીન છે. ત્યારે અવશ્ય જ કોઈ એવો શાશ્વત અથવા નિત્ય કર્તા છે જે કેટલાંયે વર્ષો પછી અથવા કેટલાયે જન્મો પછી પણ તેનું ફળ ભોગવે છે.

જો શરીરથી ભિન્ન કોઈ શાશ્વત અને નિત્યકર્તાને ના માનવામાં આવે અને આ પરિવર્તનશીલ શરીરને જ કર્તા, ભોક્તા માનવામાં આવે તો આ શરીરનો અંત થયા પછી એના કર્મોનું ફળ કોણ ભોગવશે જેનું ફળ અત્યારે તો મળ્યું જ નથી. સિત્તેર વર્ષ પહેલાં મનુષ્યનું જે શરીર હતું જેના દ્વારા એણે પોતાના દાંતથી કોઈને બચકું

**(અનુસંધાન પેજ નં. 11 પર)**

# દીપાવલીનું આધ્યાત્મિક રહસ્ય

**બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી**



દીપાવલી ભારતનો એક એવો વિશેષ તહેવાર છે જેને ભારતના લગભગ બધાં જ લોકો હર્ષોલ્લાસથી ઉજવે છે. આ દિવસોમાં દરેક નાના યા મોટા, ગરીબ અને અમીર તથા ગ્રામીણ અને નાગરિકોના ચહેરાઓ ઉપર ખુશીનાં ચિન્હો દેખાય છે. રાત્રિના સમયે દીપકોનો ઝગમગાટ જોવા જેવો હોય છે.

## આ તહેવારના પ્રારંભ વિશે લોકવાયકાઓ

આ તહેવારનો પ્રારંભ ક્યારે અને કઈ રીતે થયો ? એ વિશે અનેક લોકવાયકાઓ અને પૌરાણિક કથાઓ પ્રચલિત છે. એક આખ્યાન આ પણ છે કે ઘણાંયે વર્ષો પહેલાં એક સમય એવો હતો કે જ્યારે નરકાસુરે સમગ્ર સૃષ્ટિ પર પોતાનું આધિપત્ય જમાવી લીધું હતું. ભગવાને નરકાસુરનો નાશ કરીને સૃષ્ટિને એના ભયથી મુક્ત કરી અને દેવતાઓને નરકાસુરના બંધનથી છોડાવ્યા. તેથી દીવાળીના એક દિવસ પહેલાંની રાત્રિને નરક-ચતુર્દશી (કાળી ચૌદશ) તરીકે ઉજવવામાં આવે છે. જેને નાની દિવાળી પણ કહેવાય છે અને એના પછીના દિવસે અર્થાત્ આસોવદ અમાસના દિવસે મોટો દીપાવલી મહોત્સવ હોય છે.

બીજી કથા એ છે કે દૈત્ય રાજા બલિએ સમગ્ર ભૂમંડલ પર પોતાનું એકચક્રી શાસન જમાવી દીધું હતું. ત્યારે પૃથ્વી પર આસુરીપણું ફેલાઈ ગયું હતું અને ધર્મનિષ્ઠા લગભગ નષ્ટ થઈ ગઈ હતી. ત્યારે રાજા બલિએ શ્રી લક્ષ્મીને તમામ દેવી-દેવતાઓ સહિત પોતાના કારાગાર (જેલ)માં બંદી બનાવ્યાં હતાં. એ સમયે ભગવાને રાજાબલિની આસુરી શક્તિ પર વિજય મેળવીને શ્રી લક્ષ્મી તથા સર્વ દેવી દેવતાઓને કારાગારની યાતનાઓથી છોડાવ્યાં હતાં. એના નિમિત્તે દરેક વર્ષે દીપાવલીનો તહેવાર ઉજવવામાં આવે છે. અને ઘરોનાં દ્વાર ખોલીને શ્રી લક્ષ્મીનું આવાહ્ન કરવામાં આવે છે.

## આ આખ્યાનોનો અર્થબોધ

ઉપર જે બે આખ્યાનો અથવા કથાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એનો અક્ષરશઃ અર્થ તો સ્વીકાર્ય થઈ શકે તેમ નથી. કારણ કે કોઈ એક વ્યક્તિ દ્વારા શ્રી લક્ષ્મી તથા અન્ય સર્વ દેવી-દેવતાઓને અથવા સમગ્ર સૃષ્ટિને બંદી બનાવી દેવાની વાત જ અસંભવ લાગે છે. તેથી વાસ્તવમાં આ બંને કથાઓમાં એક ઘણાં જ મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક વૃત્તાંતનું લાક્ષણિક ભાષામાં એક રૂપક આપીને વર્ણન કરવામાં આવ્યું છે. જ્ઞાનદૃષ્ટિ અનુસાર નરકાસુર માયા અર્થાત્ મનોવિકારોનો જ પર્યાયવાચી શબ્દ છે. કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારને ગીતામાં 'નરકનું દ્વાર' ગણવામાં આવેલ છે અને 'આસુરી લક્ષણ' પણ માનવામાં આવે છે. જો કે આ વિકારો અથવા આસુરી લક્ષણો પર વિજય પ્રાપ્ત કરવાનું ઘણું કઠણ છે. એટલે એનું નામ રૂપકમાં બલિ છે. ગીતામાં માયાને જ દુસ્તર (જીતવી મુશ્કેલ) અર્થાત્ બલિ કહેવામાં આવે છે. વિશ્વના ઈતિહાસમાં કલિયુગના અંતનો સમય એવો સમય છે જ્યારે આ વિકારોનું સર્વ નર-નારીઓના મન પર રાજ્ય હોય છે. ત્યારે સમગ્ર સૃષ્ટિ નરક બનેલી હોય છે

એટલે કહેવામાં આવે છે કે ત્યારે રાજા બલિ અથવા નરકાસુરનું જ સૃષ્ટિ ઉપર આધિપત્ય હતું. સતયુગમાં ભારત દેશ સ્વર્ગભૂમિ હતો અને અહીંના નિવાસી દેવી દેવતા હતા. પરંતુ જન્મ મરણના ચક્રમાં આવતાં તેઓ કલિયુગના અંતમાં સૃષ્ટિને નરક બનાવનારા અને નર-નારીને અસુર બનાવનારા આ બલિ (વિકારો)ને આધીન થઈ ગયા હતા. ત્યારે કલિયુગના અંતમાં ઈશ્વરીય જ્ઞાન આપીને પરમપિતા પરમાત્માએ આ વિકારો રૂપી નરકાસુરનો અંત આણ્યો અને સતયુગમાં જે માનવ આત્માઓ શ્રી લક્ષ્મી અથવા અન્ય દેવી દેવતા નામથી અજાણ હતા એમને આ નરકાસુરના બંધનમાંથી મુક્ત કરાવ્યા. આ મહત્ત્વપૂર્ણ વૃત્તાંતની યાદમાં આજે પણ દર આસો વદ ચૌદશના દિવસે નાની દીપાવલી ઉજવવામાં આવે છે. એના પછીના દિવસે આસોવદ અમાસે શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણનું સ્વતંત્રતાપૂર્વક રાજ્ય શરૂ થતાં સતયુગની શરૂ થવાની ખુશીમાં મોટી દીપાવલી ઉજવવામાં આવે છે.

## દેવત્ત્વનો આસુરીપણા ઉપર વિજય

કેટલાયે લોકો એવું માને છે કે દીપાવલીનો તહેવાર રાવણ પર રામનો વિજય થયો તે પછી મર્યાદાયુક્ત રામ રાજ્યનો પ્રારંભ થયો તેનો સ્મરણોત્સવ છે. વાસ્તવમાં એનો અને આગળનાં બે આખ્યાનોનો ભાવ એ છે કે રાવણ આસુરી શક્તિ અને રામ ઈશ્વરીય શક્તિનું પ્રતીક છે.

## જ્ઞાનદીપ પ્રગટાવ્યા વિના દીપાવલી નિરર્થક

આજે જ્યારે લોકો દીપાવલીનો તહેવાર ઉજવે છે તો તેઓ આ રહસ્યને બુદ્ધિ સમક્ષ રાખતા નથી કે આ 'નરકાસુર' અથવા બલિના અંત અર્થાત્ આસુરીપણાનો પરાજય અને દેવત્વના વિજયનો સ્મરણોત્સવ છે. આ દિવસે પોતપોતાના ભવન, ગલી, મહોલ્લામાં અને ચાર રસ્તાઓમાં રોશની કરવા ઉપરાંત પોતાના અંતરાત્માનો અંધકાર દૂર કરવા અથવા પોતાના અંતર્મનમાં જ્યોતિ પ્રગટાવવાનો પુરુષાર્થ કરવો જોઈએ. તેઓ એ વાતને ભૂલી જાય છે કે અમાસ અથવા અંધકાર અજ્ઞાનના અને વિકારોનું પ્રતીક છે. આધ્યાત્મિક ભાષામાં અજ્ઞાનને અંધકાર કહીને ભક્તજન ભગવાનને પ્રાર્થના કરે છે કે 'तमसो मा ज्योतिर्गमय' 'પ્રભુ, અમને અંધકારમાંથી પ્રકાશની તરફ લઈ લો.' આ આધ્યાત્મિક અર્થમાં જ આ બંને આખ્યાનોમાં કહેવામાં આવ્યું છે કે નાની દીપાવલી અને મોટી દીપાવલી અને આ બંને પહેલાંની અંધારી રાતે (ધનતેરસે) જે દીપ દાન કરે છે તે અકાળે મૃત્યુથી બચી જાય છે. દીપ દાન કરવાનો ભાવ પણ જ્ઞાનદાન કરવાનો છે. દીપાવલીના આ જ્ઞાન પક્ષની ઉપેક્ષાનું જ એ પરિણામ છે કે દર વર્ષે માટીનાં કોડિયામાં દીપ પ્રગટાવીને અથવા આધુનિક પરંપરા મુજબ મીણબત્તીઓ અને વીજળીની રોશની કરવા છતાં લક્ષ્મીજીનું આવાહ્ન કરવા છતાં આજે પણ ભારત દેશમાં લક્ષ્મીજીનો સ્થાયી વાસ નથી. અહીં ભ્રષ્ટાચાર જ રાજા બલિ અથવા નરકાસુર બનીને સર્વ પ્રત્યે પોતાનું આધિપત્ય જમાવે છે. એના પરિણામ સ્વરૂપ ભારતના અડધાથી વધુ લોકો ગરીબીની રેખાની નીચેનું જીવન વ્યતીત કરી રહ્યાં છે. લક્ષ્મીજીને તો 'પદ્મા', 'કમલા' ઈત્યાદિ નામોથી પણ યાદ કરવામાં આવે છે. કારણ કે તેઓને કમલપુષ્પ નિવાસિની ગણવામાં આવે છે. પરંતુ આજ આપણા ગૃહસ્થોનાં ઘર કમલ સમાન પવિત્ર બન્યાં નથી. એમના અંતરની જ્યોતિ જાગી નથી. તો વિષય વિકારોથી નરક બનેલા ઘરમાં લક્ષ્મીજીનું શુભ આગમન કઈ રીતે થઈ શકે છે ?

## દીપાવલી 'મહારાત્રિ' કઈ રીતે છે ?

સાધક લોકો દીપોત્સવની રાત્રિને સાધનાની દૃષ્ટિએ 'મહારાત્રિ' માને છે. એમની એ માન્યતા

છે કે આ રાત્રિએ મંત્રની સિદ્ધિ થઈ શકે છે. તેથી તેઓ આ રાત્રિએ જાગીને પોતાના મંત્રની સાધના કરે છે. આ માન્યતા પણ કલિયુગના અંતની ઘોર અજ્ઞાન રાત્રિ સાથે સંબંધિત છે. કલિયુગના આ તમોપ્રધાન અંતિમચરણમાં જે કોઈ પણ પરમાત્મા દ્વારા આપેલી માર્ગ પ્રદર્શન (મંત્રણા) અનુસાર ચાલે છે એને સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. ભક્ત લોકો એ પણ માને છે કે જેઓ આ રાત્રિએ આળસને કારણે સૂઈ રહે છે તે શ્રી લક્ષ્મીના આશીર્વાદથી વંચિત રહે છે. પરંતુ વાસ્તવમાં આ વાત પણ આધ્યાત્મિક જાગૃતિ વિશે કહેવામાં આવી છે. કલિયુગના અંતિમ ચરણમાં જે વ્યક્તિ અજ્ઞાન નિદ્રામાં સૂતેલો રહે છે તે આવનારા સતયુગી શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણના સુખ પૂર્ણ સ્વરાજ્યમાં સૌભાગ્યનું સ્થાન પ્રાપ્ત કરી શકતો નથી એટલું જ નહીં ઈશ્વરીય જ્ઞાન લેવા ઉપરાંત સંગમયુગમાં ઈશ્વરીય જ્ઞાન દાન આપવાનું પણ ઘણું મહત્ત્વપૂર્ણ ગણાય છે. એટલા માટે પણ દીપાવલીની મહારાત્રિએ દીપ દાન કરવાનું પણ ઘણું મહત્ત્વ છે. આ દિવસે કેટલાક લોકો તો દીપકોને પોતાના મસ્તક પર ઘૂમાવીને દાન કરી દે છે. તેઓ સમજે છે કે આનાથી સર્વ અનિષ્ટથી મુક્તિ મળે છે. એ સ્પષ્ટ છે કે સર્વ અનિષ્ટમાંથી નિવૃત્તિ તો જ્ઞાન દ્વારા આત્માનો દીપ જગાવવાથી જ થઈ શકે છે. સંગમયુગમાં મનુષ્યાત્માઓનો જીવનદીપ અલૌકિક હોવાના પરિણામે જ નર શ્રી નારાયણ અને નારી શ્રી લક્ષ્મી પદને અથવા દેવતા યા દેવીપદને પ્રાપ્ત કરે છે ત્યારે સતયુગનો આરંભ થાય છે. એના નિમિત્તે દીપાવલીના તહેવારે લોકો પોતાના ઘરો પર ધ્વજ ફરકાવે છે અને એ પણ કહે છે કે આ દિવસે રાજા પૃથુએ પૃથ્વી પર પોતાના ચક્રવર્તી રાજ્યનો પ્રારંભ કર્યો હતો અને પૃથ્વી હરિયાળીયુક્ત અને સુખસમૃદ્ધિ પૂર્ણ હતી. જ્યારે એના પહેલાં અહીં દરિદ્રતા હતી.

## મોટી દીપાવલી સતયુગી શ્રી નારાયણ રાજ્યની યાદગાર

દીવાળીના તહેવારોમાં મોટે ભાગે લોકો નવા કપડાં પહેરે છે. કેટલાંક નવાં વાસણો ખરીદે છે. જૂના ખાતાંઓ, ચોપડાઓ બંધ કરી નવાં ખાતાં, ચોપડાઓ શરૂ કરે છે. આ સર્વ નવી સૃષ્ટિમાં સુખ શાંતિ પૂર્ણ નવા યુગના આરંભનાં સૂચક છે.

હવે ફરીથી કલિયુગના અંત અને સતયુગના આદિના સંગમનો સમય ચાલી રહ્યો છે ત્યારે આપણે પોતાના જૂના હિસાબ કિતાબને સમેટવાનો પુરુષાર્થ કરવો જોઈએ. ઈશ્વરીય જ્ઞાન તથા યોગ દ્વારા ઘર ઘરમાં જ્ઞાન દીપ પ્રગટાવવા સેવા કરવી જોઈએ. કારણ કે સર્વ અનિષ્ટમાંથી મુક્તિનું આ એક સાધન છે. એનાથી જ ભારતની દરિદ્રતા સમાપ્ત થશે અહીં સુખશાંતિના સતયુગના દિવસો આવશે. દીપાવલીના ઉત્સવને યથાર્થ રીતે આ રીતે ઉજવી શકાય.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 08નું અનુસંધાન)... અમૃતધારા**

ભર્યું હતું તો હવે જ્યારે એના તે દાંત જ રહ્યા નથી અને શરીર પણ જર્જર થઈ ગયું છે તથા મોટે ભાગે બદલાઈ ગયું છે ત્યારે એનું ફળ કોણ ભોગવશે? દંડસંહિતાનો એ નિયમ છે કે જેણે અપરાધ કર્યો છે તેને સજા મળવી જોઈએ. હવે જ્યારે અપરાધ કરનારા શરીરની જગાએ લગભગ બીજું જ શરીર આવી ગયું. તો એ બીજા શરીરને દંડ મળવો એ ન્યાયની બાબતમાં વિરૂદ્ધ ગણાશે. તેથી સૌથી પહેલાં આ સત્ય સિદ્ધાંતના જ્ઞાનની જરૂર છે કે કર્તા અને ભોક્તા એક ત્રૈકાલિક સત્તા આત્મા જ છે. તે મારું સ્વત્વ છે. હું જ મારા કર્મના બંધનમાં બંધાઈને પોતાના જ દંડનો પાયો નાખું છું. હું આ બંધનમાંથી મુક્ત બનું તેવાં કર્મો પણ કરી શકું છું.

**॥ ઓમશાંતિ ॥**

## પ્રસન્નતાના પથ પર

# તમે નિર્ણય તો કરો !

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



જીવનમાં હંમેશા એ યાદ રાખો કે, તમે કોઈ વિશે બોલો છો ત્યારે હકીકતમાં તમે તમારા પોતાના વ્યક્તિત્વ વિશે પણ સામેની વ્યક્તિને જણાવી રહ્યા છે. ત્યારે આપણે બીજાની વાત સંભળાવનારાને ઓળખી જઈએ છીએ કારણ કે, તે પોતાની નજરથી વાત કરે છે. કોઈ ત્રીજી વ્યક્તિમાં વિશેષતાઓ ના પણ હોય, પરંતુ જોનારાની અંદર તે નજર છે, તેથી જ તે જે વિશેષતા જોશે તે જણાવશે. કોઈમાં વિશેષતા હોય, પરંતુ આપણી અંદર તે જોવાની નજર ના હોય, તો આપણે ક્યારેક બીજા વિશે બહુ કડવી વાતો કહી દઈએ છીએ.

એટલે એ યાદ રાખો કે, તમે કોઈનો પરિચય આપો છો, ત્યારે તમે ત્રાહિત વ્યક્તિની સાથે તમારું પોતાનું વ્યક્તિત્વ પણ પ્રદર્શિત કરી રહ્યા છો. દુનિયામાં આજે સૌથી મોટી બીમારી અસુરક્ષાની છે. તે ઘરોમાં પણ આવી જાય છે. તે કામના સ્થળે પણ આવી જાય છે. અસુરક્ષાથી ઘેરાયેલા આપણે બીજાને આગળ વધતા નથી જોઈ શકતા. અધ્યાત્મમાં અમને એ શીખવા મળે છે કે, આપણે જેટલા બીજાને આગળ વધારીશું એટલા આપણે પણ આગળ વધીશું. એવી જ રીતે, જેટલા બીજાને આગળ વધતા રોકીશું, તેટલા પાછળ જઈશું.

આ સ્વર્ગ વિશે જે કંઈ આપણે સાંભળ્યું છે તે વિચારીને કહીએ છીએ કે, અમે સ્વર્ગ બનાવીશું. તો આજે તે જોવાનો પ્રયાસ કરીએ. આજે મારું જીવન, જ્યાં હું છું. જે પરિવારમાં, જે લોકો સાથે, જે સેવા સ્થળે, જે કર્મક્ષેત્ર પર. મારે તેને સ્વર્ગ બનાવવાનું છે. તમે એ સ્થળને જુઓ કે, તે સ્વર્ગ કેવું હશે. એ સ્વર્ગમાં ફક્ત પોતાને જુઓ અને વિચારો કે, મારો બીજા સાથે વ્યવહાર કેવો હશે. વાત કરવાની રીત કેવી હશે. કોઈ ભૂલ કરશે, તો મારી પ્રતિક્રિયા કેવી હશે. જીવનમાં ચાલતા ચાલતા અચાનક કોઈ મોટી વાત આવી જશે, તો હું કેવી રીતે સામનો કરીશ. કોઈ મારી સાથે ખોટું કરશે, મારું નુકસાન પણ કરે, જે સંબંધોમાં પણ હોઈ શકે છે, તો શું કરીશું? એવું થયું ત્યારે તમે લેટ ગો કર્યું કે પકડી રાખ્યું.

એક તર્ક છે કે, સતયુગ આવશે ત્યારે આપણું જીવન સહજ થઈ જશે. આ સૃષ્ટિ પર કળિયુગ કેવી રીતે બન્યો, તે વિચારો. પહેલાં કોઈ એકે ગુસ્સો કર્યો અને તેનું કામ થઈ ગયું હશે. પછી આપણે ઊભા થઈને જોયું કે, આ રીતે કામ થઈ જાય છે. ત્યારે મેં વિચાર્યું કે, હવે આપણે પણ આ પદ્ધતિ દ્વારા કરીશું. પછી બીજાએ કર્યું, ત્રીજાએ કર્યું. ધીમે ધીમે તે મારા સંસ્કાર બની ગયા, પછી બધાના સંસ્કાર બની ગયા અને કળિયુગ રચાયો. પહેલા જ્યારે કોઈ એક ગુસ્સો કર્યો હશે, ત્યારે દુનિયા કળિયુગ ન હતી. ત્યારે મોટા ભાગના લોકો શાંત હતા, જેમાં કોઈ એક ગુસ્સો કર્યો હશે. તેને જોઈને બીજાએ અને ત્રીજાએ કર્યો હશે. એક જૂઠ બોલ્યો, કોઈએ લાંચ લીધી પછી બધાએ શરૂ કર્યું. આવું એકે કર્યું, પાંચે કર્યું લાખે કર્યું અને પછી

(અનુસંધાન પેજ નં. 06 પર)

# વેદચિંતન

## બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



વેદ આપણી ઘણી પ્રાચીન વિદ્યા છે. ભારતવાસીઓના દિલમાં યુગો સુધી વેદવિદ્યા માટે ઘણું સન્માન રહ્યું. વેદ-વિદ્યાનું અનુસરણ લોકોને બુરાઈઓ તથા વિકર્મોથી બચાવવામાં સક્ષમ રહ્યું. પરંતુ સમય વીતતાં અનેક મતમતાંતર આવવાથી તથા આ મહાન વિદ્યા વિશે પણ અનેક મત પ્રચલિત થવાને કારણે મનુષ્યોનો ભાવ વેદો પ્રત્યે ઘટતો ગયો. વેદ સંસ્કૃતમાં હોવાને લીધે વેદમંત્રોના શબ્દાર્થ તથા ભાવાર્થને સમજવામાં પણ અનેક મતભેદ થતા રહ્યા. પરિણામ એ આવ્યું કે એક મોટો જન સમુદાય વેદોથી વિપરીત જવા લાગ્યો. વેદો ઉપર બ્રાહ્મણોનો અધિકાર હોવાને લીધે પણ આ વિદ્યા સર્વત્ર ફેલાઈ ના શકી. કારણ કે બ્રાહ્મણ ધીરે ધીરે બ્રાહ્મણત્વથી દૂર થતા ગયા. એમનું જીવન વેદોને અનુરૂપ રહ્યું નહીં એટલે બ્રાહ્મણોમાં પણ લોકોની આસ્થા પહેલાં જેવી રહી નહીં.

આજની નવી પેઢીઓને જોઈશું તો તેનામાં આ સર્વ ધાર્મિક ગ્રંથોમાં કોઈ રુચિ જણાતી નથી, ભૌતિકતાનો પ્રકોપ ધર્મની શક્તિને લોપ કરી રહ્યો છે. આવી પરિસ્થિતિમાં કઈ વિદ્યા મનુષ્યાત્માઓને પુનઃ એના મૂળ સ્વરૂપમાં લાવી શકે છે. યા આપણી પ્રાચીન સંસ્કૃતિ જે પાશ્ચાત્ય સંસ્કૃતિના વહેતા પ્રવાહમાં પોતાની દિશા ગુમાવી બેઠી છે. તે કઈ રીતે પુનઃ સ્થાપિત થઈ શકે એનું જ ચિંતન અહીં રજૂ કરેલું છે.

થોડા સમય પહેલાં એક આર્ય વિદ્વાન પ્રોફેસર માઉન્ટ આબુ સ્થિત જ્ઞાન સરોવરમાં આવ્યા હતા. એમને બધું સારુ લાગ્યું પરંતુ મનમાં વેદ સંબંધી પ્રશ્ન હતા. જે તેઓએ આ રીતે પૂછ્યા. તેઓ બોલ્યા કે 'આપનું કાર્ય અતિ ઉત્તમ છે. આપ નિશંક મનુષ્યને આર્ય બનાવી રહ્યા છો પરંતુ આપે ન તો ક્યાંય વેદોની ચર્ચા કરી. ન તો આપને ત્યાં ક્યાંય વેદમંત્રો લખ્યા છે. તે તો સત્યજ્ઞાનના ગ્રંથ છે. એનો ઉલ્લેખ અહીં કેમ નથી?' મેં એ મહાશયને પૂછ્યું, 'શું આપ એ જણાવી શકો છો કે આપના શહેરમાં કેટલા લોકોએ વેદોને જોયા છે?' તો તેમણે ઉત્તર આપ્યો, 'ઘણા થોડા લોકોએ' પછીથી મેં પ્રશ્ન પૂછ્યો કે 'એમાંથી કેટલાએ વેદોનું અધ્યયન કર્યું છે?' ઉત્તર હતો 'ઘણા થોડાએ', મેં ત્રીજો પ્રશ્ન પૂછ્યો કે, 'એમાંથી કેટલાએ વેદોના શિક્ષણને જીવનમાં અપનાવ્યું છે?' મહાશય આ સાંભળીને ગંભીર થઈ ગયા. મેં જ ઉત્તર આપ્યો કે કદાચ કોઈએ પણ નહીં. મહાશયે પોતાની મૌન સ્વીકૃતિ આપી.

ત્યારે મેં કહ્યું કે જે મહાન ગ્રંથોની સમાજમાં માન્યતા જ નથી તો એના દ્વારા શું વિશ્વનું કલ્યાણ થશે? વેદોની ઉપસ્થિતિ તો હજારો વર્ષથી છે. આજે આપણો દેશ પતન તરફ આગળ વધી રહ્યો છે. આપણા ઘરમાં સારામાં સારી ચીજ હોય પણ કોઈ એનો ઉપયોગ જ ન કરે, તો તેનું પ્રયોજન શું? આજે મનુષ્યની વિચારધારા શાસ્ત્રોને અનુરૂપ રહી નથી.

તો કઈ રીતે થશે વિશ્વનું કલ્યાણ? એમણે કહ્યું કે વેદ સંપૂર્ણ જ્ઞાનના ગ્રંથ છે જો એનાથી જ જગતનું કલ્યાણ ન થયું તો બીજી કઈ રીતે થશે? આ સાંભળીને મેં એમને એક ગુહ્ય પ્રશ્ન પૂછ્યો. તૈત્તરિય ઉપનિષદમાં લખ્યું છે કે વેદોમાં મંત્રોની

સંખ્યા એક લાખ છે. તેઓ બોલ્યા બરાબર છે. ત્યારે મેં એમને યાદ અપાવ્યું કે આપણી પાસે માત્ર 80,000 મંત્રો જ પ્રાપ્ત થે. 20,000 મંત્રો હજુ પણ લોપ છે. આ વાતનો એમણે સ્વીકાર કર્યો. ત્યારે મેં કહ્યું કે વેદોના સંપૂર્ણ મંત્ર જ પ્રાપ્ત નથી તો વેદોમાં સંપૂર્ણ જ્ઞાન છે એમ કઈ રીતે માની શકાય? 20,000 મંત્રોમાં શું લખ્યું હતું તે તો આપણે જાણતા જ નથી.

એ વાત સ્પષ્ટ છે કે જો આપણી પાસે સંપૂર્ણ જ્ઞાન હોત તો આપણું પતન થાત નહીં. અપૂર્ણ જ્ઞાને જ માનવને અપૂર્ણ બનાવ્યો છે. તેથી તો ઋષિઓએ અનેક વાર નેતિ નેતિ શબ્દનો ઉપયોગ કર્યો છે. કારણ કે તેઓ જાણતા હતા કે સંપૂર્ણ યોગયુક્ત થયા વિના સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી શકાતું નથી.

વેદોનું જ્ઞાન કઈ રીતે પ્રકાશમાં આવ્યું. હવે આપણે આ વિષય પર ચિંતન કરીશું. આ સંબંધમાં સર્વ પ્રથમ આપણે વિદ્વાનોના કેટલાક વિચારો રજૂ કરીએ છીએ. ભગવતીદેવી શર્મા લખે છે, ‘સર્વધર્મોના મૂળ ગણાતા દેવ સંસ્કૃતિનાં રત્ન વેદ આપણી સમક્ષ જ્ઞાનના પવિત્ર કોશના રૂપમાં આવે છે. ઈશ્વરીય પ્રેરણાથી અંતસ્ફૂરણાના રૂપમાં ‘આત્માવત્ સર્વભૂતેષુ’ની ભાવનાથી તરબોળ ઋષિઓ દ્વારા એનું અવતરણ સૃષ્ટિના આદિકાળમાં થયું.’

આચાર્ય શંકરે મહાભારતનો શ્લોક જણાવી કહ્યું છે, ‘સૃષ્ટિના આદિકાળમાં સ્વયંભૂ દ્વારા એજ વેદોને ઈતિહાસની સાથે પોતાની તપસ્યાના બળથી પ્રાપ્ત કર્યા.’

દૃષ્ટાઓનો મત છે કે વેદ જ્ઞાનપરા ચેતનાના ગર્ભમાં સદાથી સ્થિત રહે છે. પરિષ્કૃત ચેતના સંપન્ન ઋષિઓના માધ્યમથી તે પ્રત્યેક કલ્પમાં પ્રગટ થાય છે. કલ્પના અંતે ફરીથી ત્યાં જ સમાઈ જાય છે.

એવી પણ પ્રસિદ્ધિ છે કે પરમાત્માએ સૃષ્ટિના આરંભમાં જ વેદના રૂપમાં અપેક્ષિત જ્ઞાનનો પ્રકાશ કરી દીધો.

એ પણ માન્યતા છે કે ઋષિઓએ આ જ્ઞાન સમાધિથી પરમાત્મ તત્ત્વથી એકાકાર થઈને મેળવ્યું હતું. ઋષિઓનું જ્ઞાન સાક્ષાત્કારનું જ્ઞાન છે. ઋષિઓએ વેદને પૂર્ણ કહ્યા પણ એની સાથે **‘नेति नेति’** (આ અંતિમ નથી) પણ કહ્યું. પૂર્ણમિદંની સાથે સાથે નેતિ નેતિ પણ કહેવું એમના તત્ત્વદૃષ્ટા અને સ્પષ્ટવક્તા હોવાનું પ્રમાણ છે.

વેદમાં કહ્યું છે ઋચાઓ પરમવ્યોમમાં રહે છે જેનું દેવત્વ અપરિવર્તનીય છે. જે એ અપરિવર્તનીય સત્યને સમજતા નથી, એના માટે માત્ર ઋચા શું કરશે?

નિરુક્તકાર યાસ્કએ પણ વેદના લગભગ 400 એવા શબ્દો ગણાવ્યા જેના અર્થની એમને જાણ નહોતી. જ્યારે શબ્દાર્થના આ હાલ છે તો ભાવાર્થ તો તેનાથી પણ વધુ ગૂઢ હોય છે.

ઉપરોક્ત પ્રસંગો મેં શ્રીમતી ભગવતીદેવી શર્મા દ્વારા લિખિત ‘ભૂમિકા’માંથી લીધા છે. જે એમણે શ્રીરામ શર્મા આચાર્ય દ્વારા ઋગ્વેદના ભાષ્યના વિશે લખી છે.

હવે આપણે અહીં બે તથ્યો પર વિશેષ રૂપથી ચિંતન કરીશું કે વેદોનું જ્ઞાન કઈ રીતે પ્રકાશમાં આવ્યું અને શું આજ વિદ્વાન વેદોના ભાવાર્થને સમજવામાં સક્ષમ છે? કારણ કે આજે લોકોમાં વેદો પ્રત્યે અરુચિ છે. આ ચિંતન અમે એ ઈશ્વરીય જ્ઞાનના આધાર પર રજૂ કરી રહ્યા છીએ જે અમે સ્વયં જ્ઞાનના સાગર નિરાકાર પરમાત્મા દ્વારા પ્રજાપિતા બ્રહ્માના માધ્યમથી મેળવ્યું છે અને જે

જ્ઞાનનો અમે સાધનાની પ્રયોગશાળામાં સંપૂર્ણ સત્યના રૂપમાં સાક્ષાત્કાર કર્યો છે. એ દિવ્ય અનુભવોના આધારથી અમે જાણીએ છીએ કે..

જ્યાં સુધી આપણે નિરંતર પરમાત્મ સ્વરૂપમાં યોગયુક્ત ન થઈએ ત્યાં સુધી પરમ સત્યને અથવા સંપૂર્ણ સત્ય જ્ઞાનને પ્રાપ્ત કરી શકતા નથી. કારણ કે આવી લાંબા સમયની નિરંતર યોગયુક્ત અવસ્થા દ્વારા જ બુદ્ધિ સંપૂર્ણ પવિત્ર તથા દિવ્યબુદ્ધિવાળો મનુષ્ય જ સંપૂર્ણ ઈશ્વરીય જ્ઞાનનો અધિકારી છે. માત્ર તીક્ષ્ણ બુદ્ધિવાળાઓને યા તાર્કિક બુદ્ધિવાળાઓને આ અધિકાર મળતો નથી.

વેદ જ્ઞાન વિશે એ માન્યતા છે કે ઋષિઓએ એને ઊંચ સમાધિ અવસ્થામાં અંતઃસ્ફૂરણા દ્વારા પ્રાપ્ત કર્યા. પહેલાં આપણે એ વિશે વિચાર કરીએ. ઋષિ જ્યારે ધ્યાન મગ્ન થયા તો એમને પરમાત્મ પ્રેરણાઓ મળી જે એમણે લખી. કેટલાક વિદ્વાનોનું માનવું છે કે બંધ આંખોથી જ લખ્યું અને પાછળથી મંત્રદૃષ્ટા ઋષિઓએ એની વ્યાખ્યા કરી.

ઋષિ ઊંચ કોટિના સાધક હતા એમાં કોઈ શંકા નથી. તેઓ અતિ પવિત્ર પણ હતા. પરંતુ આપણે અનુભવોથી એ જાણીએ છીએ કે અંતઃસ્ફુરણાથી પ્રાપ્ત થનારી પ્રેરણાઓ સહજ સંપૂર્ણ સત્ય હોતી નથી. એમાં મનુષ્યના પોતાના ભાવ ભળેલા જ હોય છે. આપણે જોઈ શકીએ છીએ કે જો કોઈ ગુહ્ય વિષય પર કોઈ વિદ્વાને 15 મિનિટ વક્તવ્ય આપ્યું હોય અને એને 100 લોકોએ સાંભળ્યું હોય, તો પછીથી જ્યારે તેઓ એને વ્યક્ત કરશે તો ઓછામાં ઓછા દસ ભેદ તો થઈ જશે. જ્યારે કાનો દ્વારા સાંભળેલી વાતોને સમજવામાં પણ અંતર પડી જાય છે તો અંતઃપ્રેરણાને કોઈ સંપૂર્ણ રૂપમાં કઈ રીતે ગ્રહણ કરી શકે છે. પ્રેરણાથી સંપૂર્ણ સત્ય સુધી પહોંચી શકાતું નથી. એ કારણે જ ઋષિઓના મતોમાં ભેદ પેદા થઈ ગયા અને સર્વએ પોતાને જ સંપૂર્ણ સત્ય માન્યા.

સત્ય શું છે? સંપૂર્ણ સત્ય તો એ જ બનાવી શકે છે જે સ્વયં સંપૂર્ણ તથા પરમ સત્ય છે. તે છે સ્વયં નિરાકાર, જ્ઞાનના સાગર જ્યોતિ સ્વરૂપ પરમ આત્મા. એ તો સૌ કોઈ માને છે કે સૃષ્ટિના આદિકાળમાં પરમાત્માએ જ્ઞાન આપ્યું. બ્રહ્મા દ્વારા આપ્યું. એટલે બ્રહ્માના હાથમાં શાસ્ત્ર બતાવ્યાં છે.

'ઋચાઓ પરમ વ્યોમમાં રહે છે.' વ્યોમ (આકાશ) વિશે તો સૌ જાણે છે પરંતુ તે પરમ વ્યોમ શું છે? એનું સ્પષ્ટીકરણ કોઈ આચાર્યે કર્યું નથી અમે એને ઈશ્વરીય જ્ઞાન દ્વારા સમજ્યા. વ્યોમથી ઊંચે બ્રહ્મ લોક છે જેને પરમધામ પણ કહે છે. જ્યાં આત્માઓ મુક્તિમાં રહે છે. તે પરમ આત્માનું પણ નિવાસસ્થાન છે. જ્ઞાન પરમાત્માની પાસે છે. એના માટે જ કહેવાયું છે કે ઋચાઓ પરમ વ્યોમમાં રહે છે. વેદમંત્રોને ઋચાઓ તથા શ્રુતિ પર કહેવામાં આવે છે.

પરમાત્માએ જ્ઞાન સૃષ્ટિની આદિમાં આપ્યું. એના વિશે પણ જરા વિચાર કરીએ. સૃષ્ટિનો આદિકાળ કયો હતો? સૃષ્ટિ તો અનાદિ છે. એમાં ચાર યુગોનું ચક્ર ચાલતું જ રહે છે. સૃષ્ટિની આદિનો સમય સતયુગના પૂર્વના સમયને કહેવામાં આવે છે. સતયુગમાં દેવ સંસ્કૃતિ હતી અને કલિયુગના અંતમાં અદૈવ સંસ્કૃતિ, અસુર સંસ્કૃતિ હતી. બંનેના મધ્યમાં પરમાત્મા સ્વયં પ્રજાપિતા બ્રહ્માના તનમાં અવતરિત થઈને સત્ય જ્ઞાન આપે છે અને અસુર સંસ્કૃતિને દેવસંસ્કૃતિમાં બદલે છે.

એક અતિ ગુહ્ય રહસ્ય પર સૌ ધ્યાન આપે

કે કલિયુગના અંતમાં નિરાકાર પરમાત્મા જ્યારે જ્ઞાન આપીને દેવ સંસ્કૃતિની સ્થાપના કરે છે તો કલિયુગનો મહાવિનાશ થઈ જાય છે અર્થાત્ અસુર સંસ્કૃતિનો લોપ થઈ જાય છે તથા લગભગ સર્વ આત્માઓ મુક્ત થઈને પરમ વ્યોમ (બ્રહ્મલોક)માં પાછા ફરે છે. આ વખતે પરમાત્મા દ્વારા આપેલું જ્ઞાન પણ લુપ્ત થઈ જાય છે પરંતુ અનેક મનુષ્યાત્માઓના અંતર્મનમાં, જેને વિદ્વાન પરાચેતના કહે છે, એમાં એ જ્ઞાન સૂક્ષ્મરૂપમાં અંકિત થઈ જાય છે અને બાદમાં જ્યારે આજ મનુષ્યાત્માઓ ઋષિ રૂપમાં સ્થિરચિત્ત થાય છે તો આ જ્ઞાન અંતસ્કુરણાના રૂપમાં પ્રગટ થાય છે પરંતુ એનો કંઈક અંશ તો લુપ્ત જ થઈ જાય છે.

તો આપણે જાણવું જોઈએ કે જ્ઞાનના મૂળ સ્ત્રોત તો જ્ઞાનના સાગર નિરાકાર પરમાત્મા જ છે અને એના વિના કોઈપણ મનુષ્ય સંપૂર્ણ સત્યને પ્રાપ્ત કરી શકતો નથી. બીજી મુખ્ય રહસ્યમયી વાત એ પણ છે કે જે ઋષિઓએ વેદમંત્રોની રચના કરી છે, એમનું માનસિકસ્તર, પવિત્રતાનું સ્તર, બૌદ્ધિક સ્તર તથા અધ્યાત્મનું સ્તર ઘણી ઊંચી કોટિનું હતું. જ્યારે આજના વિદ્વાનોનું યા આચાર્યોનું આ સ્તર ઘણું નીચું છે. જો આપણે પ્રાચીન ઋષિઓ દ્વારા આપેલા મંત્રોનો સાચો અર્થ જાણવા ઈચ્છીએ છીએ તો આપણે પોતાની બુદ્ધકક્ષાને એમના જેવી મહાન બનાવવી પડશે. માત્ર પાંડિત્યથી સંપૂર્ણ સત્યને જાણી શકાતું નથી.

અમે વેદો વિશે કંઈક ચિંતન રજૂ કર્યું. જો ખરેખર આપણે વેદ વિદ્યાને સમાજમાં પ્રસારિત કરવા ઈચ્છીએ છીએ, તો આપણે એને અતિ સરલ તથા વ્યવહારિક રૂપ આપવું પડશે. આજે જે મનુષ્ય યજ્ઞ-હવનો વગેરેની તથા શાસ્ત્રોની વાતો કરે છે એનું જીવન શાસ્ત્રને અનુરૂપ હોવું જોઈએ. માત્ર ઉપદેશનો સ્થાયી પ્રભાવ પડશે નહીં. એમાં પણ બ્રાહ્મણોએ બ્રાહ્મણત્વમાં સ્થિત થઈને આગળ વધવું પડશે. સૌથી મહત્ત્વપૂર્ણ વાત તો એ છે કે હવે આપણે પુનઃ કલિયુગના અંત તથા સતયુગના આદિકાળના સંગમ પર છીએ. પરમાત્મા પુનઃ સંપૂર્ણ જ્ઞાન આપી રહ્યા છે. દેવ સંસ્કૃતિની સ્થાપના કરી રહ્યા છે. મનુષ્યમાં છુપાયેલા દેવત્વને જગાડી રહ્યા છે. આપ આવો અને સ્વયં પરમસત્યથી વેદો તથા શાસ્ત્રોનો સાર જાણી લો.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 29નું અનુસંધાન)... જીવન અને મૃત્યુ**

એવી જડીબુટ્ટી છે કે જો એનો આપણે સમજપૂર્વક સાવચેતીથી યોગ્ય ઉપયોગ કરીએ તો પુરુષોત્તમ થવાનો માર્ગ આપોઆપ ખૂલી જાય છે. નરાધમ કે નરોત્તમ થવું એ આપણા પોતાના હાથની વાત છે.

આ જગતમાં કશું જ ખરાબ નથી, તેમ મૃત્યુ પણ ખરાબ નથી. જે માનવીમાં આત્મવિશ્વાસ છે, જે માનવીને તેના કર્મોમાં વિશ્વાસ છે, જેને સત્યમાં શ્રદ્ધા છે, જેમાં સાચા સ્નેહની સ્પર્શ શક્તિ છે તે સદાય નિર્ભય છે. મૃત્યુ એને માટે મૃત્યુ નથી પણ જીવન છે. મૃત્યુ એને મન પૂર્ણવિરામ નહિ પણ પ્રારંભ છે. માનવીના માનવી થવાના પ્રયત્નમાં જ જીવનનો શ્રદ્ધા શૂર રહેલો છે. એ શ્રદ્ધા શૂરને આપણે કેટલે અંશે અનુસરીએ છીએ, એના પરથી જ આપણી જીવનયાત્રાનું માપ નીકળે છે.

મિત્રો, આપણે જીવન અને મૃત્યુના મર્મને સમજી લીધા પછી એનું કર્મમાં આચરણ કરીએ. સાચો આત્મિક આનંદ અનુભવતા આપણી જીવન યાત્રા સફળ બનાવીએ, આપણા સહપરિવાર અને મિત્રમંડળ માટે પણ આપણે પ્રેરણા સ્વરૂપ બનીએ તેવી શુભ ભાવના અને શુભ કામના સાથે...

**॥ ઓમશાંતિ ॥**

# પરિવર્તન જ પ્રગતિનું સહજ સાધન છે.

બ્ર.કુ. આત્મપ્રકાશ, માઉન્ટ આબુ



જે માણસોમાં ઉચ્ચ દૈવીગુણ વિકસિત છે અને જેઓ માનવતાની કસોટીમાં ઉતીર્ણ થયા છે એને આપણે 'દેવતા' નામથી સંબોધિત કરીએ છીએ. સંસારના ઈતિહાસમાં એવા કેટલાયે મહાપુરુષો થઈ ગયા કે જેમની પ્રારંભિક પરિસ્થિતિ સાધારણ હતી તેમ છતાં અતૂટ આત્મવિશ્વાસના બળે આવનારી અનેક વિપત્તિઓનો સામનો કરીને આશ્ચર્યજનક પરિવર્તનથી, તેઓ પ્રતિભાશાળી વ્યક્તિત્વ બનાવીને લાખો હૃદયોમાં આદર્શ બનીને પ્રતિષ્ઠિત થયા. એમનું ચુંબકીય વ્યક્તિત્વ આપણને શ્રેષ્ઠતા અને દેવત્વની તરફ આગળ વધવાનો ગુપ્ત સંકેત કરે છે. જ્યારે આપણે આવી પ્રેરક વ્યક્તિઓને જોઈએ છીએ તો મનમાં એવી ઈચ્છા જાગૃત થાય છે કે આ સત્ય, પ્રેમ, ન્યાય, નીતિ, ધર્મ, વિવેક, સાહસ, શૌર્ય વગેરે ચારિત્ર્યક વિશેષતાઓ આપણા ચરિત્રમાં પ્રગટે તો.

માનવે ઘણી સાવધાની સાથે પોતાના લક્ષ્યને પસંદ કરવાની અને એના તરફ પગલાં ભરવાની જરૂર છે. સૌ પ્રથમ તો એણે પોતાને પતનથી બચાવીને સુરક્ષિત રાખવાના છે. પોતાની વર્તમાન સ્થિતિને ઘણી મજબૂત કરવાની છે. આમે ય મન ઈચ્છિત વ્યક્તિત્વ બનાવવા માટે કલ્પનાશક્તિ દ્વારા કામ લઈ શકાય છે. જો પોતાનામાં કોઈ પણ ગુણ, યોગ્યતા, ક્ષમતા, સામર્થ્ય જન્માવવું હોય તો એને અનુરૂપ એ ગુણો, યોગ્યતાઓ અને વિશેષતાઓવાળી વ્યક્તિના રૂપમાં કલ્પના કરીને એ યોગ્ય, સુંદર, સ્વસ્થ અને સમર્થ વ્યક્તિત્વની પ્રતિભા પોતાના માનસપટ પર બનાવી રાખવાથી અને એને અનુરૂપ વ્યવહાર કરવાનો પ્રયાસ કરતા રહેવાથી એક દિવસ એવું જ વ્યક્તિત્વ બની જાય છે. તેથી આ ઉપાયોથી વ્યક્તિ પોતાના વ્યક્તિત્વમાં સફળ બને છે અને મન ઈચ્છિત પરિવર્તન ઘણી જ સરળતાથી અને ઉત્તમ રીતે કરી શકે છે.

### જીવનમાં અદ્‌ભુત પરિવર્તન

જેના મનમાં ખરાબ પ્રવૃત્તિઓ, અવગુણ અને દુર્બળતારૂપી આંતરિક શત્રુ છે. તેઓ સદા ભારે માનસિક સંઘર્ષમાં પડ્યા રહે છે અને બાહ્ય જગતમાં પણ સંઘર્ષની સ્થિતિનું નિર્માણ કરે છે. નેપોલિયન, હિટલર વગેરેનું જીવન આ પ્રકારનું હતું. તેઓ કેટલાક દિવસો સુધી સફળ રહ્યા. પછી એમણે પોતાનું જીવન નિરાશા અને દુઃખમાં વીતાવ્યું. એ તો નિર્વિવાદ રીતે સિદ્ધ થયેલું છે કે દૈવીગુણોના વિકાસથી આસુરી ખરાબ પ્રવૃત્તિઓ, અવગુણ બિલકુલ નષ્ટ થાય છે. જો આપ ખરેખર પ્રભાવશાળી વ્યક્તિત્વ બનાવવા ઈચ્છો છો તો આજથી જ જીવનરૂપી ખેતીમાં આશા, ઉત્સાહ, પ્રસન્નતા અને પરિશ્રમનાં બીજ વાવી દો. પોતાના મનને રચનાત્મક અને ક્રિયાશીલ બનાવો. તો આપના જીવનમાં મહાન પરિવર્તન થશે.

### પરિવર્તનનું રહસ્ય

જીવન પરિવર્તન કરવા માટે વિશેષ બે વાતોની જરૂર છે.

1. એકરાર કરવાની શક્તિ
   (Realisation Power)

2. પરિવર્તન શક્તિ
(Power of transformation)

## એકરાર કરવાની શક્તિ

એકરાર કરવાની શક્તિનો સંબંધ બુદ્ધિ સાથે છે. જેટલી બુદ્ધિમાં જ્ઞાનની સમજ વધે છે, એટલી એની દિવ્યતા વધે છે. દિવ્યબુદ્ધિરૂપી નેત્રથી આપણે પોતાની ખામીઓ જોઈએ છીએ, સ્વીકાર કરીએ છીએ. દા.ત. કોઈ વ્યક્તિ દસ વર્ષથી દારૂ પીએ છે. એને પરિવારના સભ્યો સમજાવે છે કે દારૂ પીવો એ સારી વાત નથી. તેનાથી ઘણું નુકસાન થાય છે. એનું બુદ્ધિરૂપી નેત્ર ખૂલેલું ન હોવાને લીધે તે આ વાત ધ્યાનમાં લેતા નથી. પરંતુ જ્યારે એને કોઈ કડવો અનુભવ થાય છે કે દારૂ પીવો એ યોગ્ય નથી, ત્યારે તે તેનો ત્યાગ કરે છે. આ અણમોલ પળ એના જીવનને નવી દિશા આપે છે.

માનવે સમગ્રજીવન દરમિયાન શીખતા રહેવું જોઈએ. કારણ કે જ્ઞાનનો કોઈ અંત નથી. જ્ઞાનના સાગર પરમાત્મા દ્વારા પ્રાપ્ત જ્ઞાનનું મનનચિંતન કરીને એનો જેટલો વિકાસ કરવામાં આવે તેટલો સ્વયં, સમાજ અને દેશ માટે લાભદાયી છે. પરંતુ 'જીવનસંઘર્ષ'માં મનુષ્ય સફળતાપૂર્વક આગળ વધતો જાય, આટલું શિક્ષણ પ્રાપ્ત કરવું તો પ્રત્યેક વ્યક્તિ માટે ઘણું જરૂરી છે.

## પરિવર્તન શક્તિ

કોઈપણ ખામી યા દોષનો એકરાર કર્યા પછી એ માટે પરિવર્તન શક્તિની આવશ્યકતા છે. જે રાજયોગના અભ્યાસથી મળે છે. બુદ્ધિરૂપી તાર સર્વશક્તિઓના સાગર, જ્ઞાન-સૂર્ય પરમાત્મા સાથે જોડીએ છીએ તો આત્મારૂપી બલ્બમાં રોશની અર્થાત્ શક્તિ આવે છે. તે અભ્યાસ જેટલો વધતો જાય એટલી પરિવર્તન શક્તિ સત્વરે વધતી જાય છે. જેમ કે સોનાને અગ્નિમાં તપાવવાથી તેની અશુદ્ધિ બળી જાય છે અને એનું ચમકતું રૂપ જોવા મળે છે. એ રીતે તપ દ્વારા મનુષ્યના મનના સમગ્ર વિકારો નષ્ટ થઈને મન શુદ્ધ થઈ જાય છે. તપનો ઘણો મોટો પ્રભાવ અને મહત્ત્વ છે.

## પરિવર્તનની ગતિને ઝડપી બનાવવાની પ્રબળ પ્રેરણા

ચતુર અને દૂરંદેશી વ્યક્તિ જીવન સંગ્રામને ખેલ સમજે છે. જીવનમાં આવનારી જટિલ સમસ્યાઓથી નિરુત્સાહી ન થતાં એને સહજ રીતે ઉકેલે છે અને જીવનમાં ક્રાતિકારી પરિવર્તન લાવીને સફળતાના સર્વોચ્ચ શિખરે પહોંચે છે. વાસ્તવમાં પરિવર્તનશીલતાની આ પ્રક્રિયાને મોટે ભાગે સર્વ લોકો સહર્ષ સ્વીકારે છે તથા એના અનુરૂપ પોતાના કાર્યવ્યવહારનો સુમેળ સાધે છે. જે દિશામાં આપણી દૃષ્ટિ હોય તે દિશામાં જ પરિવર્તન કરી શકાય છે. ઉચ્ચતમ લક્ષ્યની તરફ લઈ જનારી જે દિશા છે. તે દિશામાં જ તમારી દૃષ્ટિ હોવી જોઈએ.

## પરિવર્તનની પ્રક્રિયામાં સહાયક શ્રેષ્ઠતમ ધારણાઓ

આત્માનો દીપક બુઝવા ન દેશો - આજે મનુષ્યનું જીવન આશા અને નિરાશાના તડકા છાંયડામાં જ વીતી રહ્યું છે. કેટલીક ખામીઓ એવી પણ હોય છે. કે જેને દૂર કરવી કઠણ અને અસંભવ લાગે છે પરંતુ આપણે નિરુત્સાહી ન બનવું જોઈએ. આશાથી જ આપણા મનમાં પ્રસન્નતા રહે છે અને આપણે જીવનના સંકટોનો સામનો કરી શકીએ છીએ. આશાવાદીની નસેનસમાં ઉત્સાહ હોય છે. મનમાં દરેક પળે નવા તરંગો ઉઠે છે. સ્ફૂર્તિની ભાવનાઓ ગુંજે છે. જે મરવા સુધી આશા છોડતા નથી. અને

જીવનયુદ્ધમાં આવનારી કઠણ મુશ્કેલીઓનો સામનો હસતાં, રમતાં કરે છે તે વીર પુરુષાર્થી મહામાનવોના ગળામાં વૈજયંતીમાળા પહેરાવવામાં આવે છે. મુશ્કેલીઓ અને નિષ્ફળતાઓથી હતાશ ન થવું તે વીરતાનું એક ચિન્હ છે. આશાનો દીપક બુઝાતાં જ મનુષ્ય નિરાશાના સાગરમાં ડૂબી જાય છે. જીવનયુદ્ધમાં પરાજિત થાય છે.

## મનમાં સદા વૈરાગ્યનું ઝરણું વહેતું રહે

એ જોવામાં આવ્યું છે કે જેમ જેમ મનમાં વૈરાગ્ય થાય છે, તેમ તેમ સ્વાભાવિક રીતે સાધના તીવ્ર બને છે. મન ઈન્દ્રિયો સ્વાભાવિક જ સંસારના પદાર્થોથી ઉપરામ થઈને પરમાત્મામાં અનાયાસ લાગી જાય છે. મનુષ્યને સંસાર પ્રત્યે વૈરાગ્ય થાય છે અને ભગવાનમાં તીવ્ર અનુરાગ પ્રગટે છે અને અલૌકિક પ્રેમ જન્મે છે. વૈરાગ્ય વિના તો પ્રયત્ન કરવા છતાં પણ મન પરમાત્મામાં મુશ્કેલીથી લાગે છે. અને લાગે છે તો સ્થિર રહેતું નથી. વૈરાગ્યની ધારણાથી શરીર અને પદાર્થોમાંથી રાગ ચાલ્યો જાય છે. વાસ્તવમાં વૈરાગ્યવાન વ્યક્તિ પોતાના વ્યક્તિત્વનાં ચુંબકીય તરંગો દ્વારા વ્યક્તિના માનસને સ્પંદિત, તરંગિત, આનંદિત તથા પ્રભાવિત કરે છે.

## પરદોષ દૃષ્ટિ નહીં

જે મનુષ્ય પોતાના જીવનમાર્ગમાં નિરંતર આગળ જ વધવાની ઈચ્છા રાખે છે. એણે પરદોષ દૃષ્ટિ સંપૂર્ણ રીતે છોડી દેવી જોઈએ. દોષ કરવા કરતાંયે દોષોનું ચિંતન કરવું વધારે પતન કરાવનાર છે. આદતનો ત્યાગ કરવા માટે સાધકે પોતાના દોષ જોવાની આદત પાડવી જોઈએ. જેટલી ગહનતાથી તે પોતાના દોષ જોશે, એટલા જ એ પોતાના દોષોનો, ત્રુટિઓનો વધારે આભાસ થશે. વળી જેમ જેમ એ દોષોને ખરેખર દોષ માનતો જશે, તેમ તેમ એ દોષમુક્ત બનતો જશે. પરંતુ અભિમાની મનુષ્ય પોતાના દોષો જોતો નથી અને બીજાના ગુણોનો આદર કરતો નથી. વાસ્તવમાં પરદોષ દૃષ્ટ આપણી એકાગ્રતા અને સાવધાનીની આવશ્યકતા હોય છે. જે સમયે આપણે જે કામ કરીએ, મનને એમાં એકાગ્ર રાખીએ. અન્ય વાતોમાં ભટકતા મનને અહીં તહીંથી દૂર કરીએ અને પૂરી સાવધાનીથી કાર્ય કરવા લાગી જઈએ તો ધીરે ધીરે ભૂલો ઓછી થતી જશે અને કાર્યમાં સફળતા મળશે.

દૃઢ પ્રતિજ્ઞા કરીએ - દૃઢ બનીને અતૂટ નિશ્ચય કરીએ અને પ્રતિજ્ઞા લઈએ કે આપણે જે મહત્ત્વાકાંક્ષા રાખીએ છીએ, એને પૂરી કરવા માટે એટલો જોરદાર યત્ન કરીએ કે તે કાર્ય સ્વાભાવિક રીતે જ પૂર્ણ થતા. આપણા મનમાં સ્વધર્મ માટે મહાત્મા બુદ્ધ જેવી દૃઢતા હોવી જોઈએ. એમણે કહ્યું હતું ‘આ આસન પર બેઠેલું મારું શરીર સૂકાઈ જાય, માંસ-ત્વચા-અસ્થિ નષ્ટ થઈ જાય પરંતુ હું બહુ કલ્પ દુર્લભ બોધ પ્રાપ્ત કર્યા વિના ઉઠીશ નહીં.’

દૃઢ પ્રતિજ્ઞાબદ્ધ સાધક સ્વધર્મ પાલનાના માર્ગમાં આવનારી પ્રત્યેક મુશ્કેલીઓને ધૂળ સમાન સમજે છે. પ્રતિકૂળતા સાચા દૃઢ પ્રતિજ્ઞાના સંકલ્પને ક્ષીણ કરતી નથી. દરેક અસફળતા એને નવી પ્રેરણા અને શક્તિ આપે છે. ભયંકર આંધી અને તોફાનમાં પણ તે કર્તવ્ય પથ પર દૃઢતાથી અગ્રેસર બને છે અને પોતાના લક્ષ્યને ધ્રુવની જેમ સદા સામે રાખીને કાર્ય કરે છે. તે સદા અસફળતાના કલંકથી પોતાના વ્યક્તિત્વનું રક્ષણ કરે છે.

## સદા પ્રયત્નશીલ તથા સક્રિય બની રહીએ

પ્રત્યેક મનુષ્ય ઈચ્છે છે કે તેનું જીવન સુખી

(અનુસંધાન પેજ નં. 31 પર)

# સહનશીલતા...એક અદ્‌ભુત શિલ્પકાર....

## બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુરોડ.

કોઈક વારેવારે આબરૂ-ઈજ્જતનાં ધજાગરાં કરતું હોય, નિંદા ટીકા-ટીપ્પણી કરતું હોય, રાત-દિવસ હેરાન કરે, નબળા જાણીને બળજબરીથી શોષણ કરતું હોય, સારા કામમાં અવરોધ ઉભો કરે અથવા લડવા પર ઉતરી આવતા હોય, ત્યારે દિલ-દિમાગ વિદ્રોહ કરવા લાગે છે અને મનનો આક્રોશ તમારા મોંમાંથી નીકળે છે કે “આખરે ક્યાં સુધી સહન કરૂં?” અથવા “હું જ આટલું સહન કેમ કરૂં?” સતાવનાર માટે મનમાં શત્રુતા ઉત્પન્ન થાય છે અને દ્વેષ અને દુર્ભાવનાને કારણે માનસિક શાંતિ ભંગ થાય છે અને જીવવું જ મુશ્કેલ બની જાય છે.

સમાધાન કરવાને બદલે સમસ્યાનું ચિંતન કરવાથી ચિંતાની ચિતા વધુ ભડકે બળે છે અને સુખ-શાંતિ બળીને રાખ થઈ જાય છે. સતાવનાર સામે ન હોય તો પણ ઊંઘતા-જાગતા તેની કડવી યાદો મનમાં તબાહી મચાવે છે. એટલું જ નહીં, તે સપનામાંય પીછો નથી છોડતી, જેનાથી સહનશક્તિ ખૂટી પડે છે અને વધુ સહેવુ મુશ્કેલ બની જાય છે. વ્યક્તિ અધીર થઈ તન-મનથી તૂટવા લાગે છે, ક્યારેક ક્યારેક તો જીંદગીનાં જંગમાં હાર માની મરવા તૈયાર થઈ જાય છે, પણ આ તો કાયરતા જ છે ને? પરંતુ યાદ રાખો, સહન કરવું એ ક્યારેય કાયરતા કે નિર્બળતા નથી, સહનશીલતા તો મહાવીરોની હિંમત અને બહાદુરીનું લક્ષણ છે! આમ પણ, રોજબરોજની મુસીબતોથી ડરીને જીવ ગુમાવવામાં કયું શાણપણ છે! **સહનશીલ બની જીવનની લડાઈ જીતવામાં જ ચતુરાઈ અને ભલાઈ છે.** સહનશીલતાને એમ જ શક્તિ નથી કહેવામાં આવી, એ શક્તિ વગર તો મનુષ્યને માનસિક રૂપથી દુર્બળ જ કહી શકાય! આમ પણ સહનશીલતા વિના દેવત્વ પ્રાપ્ત થતું નથી! રસ્તા પર ચાલતા લોકોના પગથી ઠોકરાયેલો કાળો પથ્થર પણ છીણી હથોડીનો માર સહન કરી, સહનશીલતાના બળથી દર્શનીય મૂર્તિ બની, પૂજનીય બને છે, એ દર્શાવતી આ બોધકથા છે - એક ધર્મપ્રેમી રાજાએ કુળદેવીનું મંદિર બનાવવાનો સંકલ્પ કર્યો. શુભ મૂહુર્ત પર મંદિરનું નિર્માણ કાર્ય શરૂ થયું, સાથે-સાથે કુશળ શિલ્પકારો આરસના પથ્થરમાંથી કુળદેવીની મૂર્તિ ઘડવા લાગ્યા. પણ આ શું, હથોડીનાં બે-ચાર ઘા ખાધા પછી પહેલો પથ્થર તૂટી ગયો. શિલ્પકારે બીજો પથ્થર લીધો, પણ થોડો આકાર લેતા તે પણ ભાંગી ગયો. પછી શિલ્પકારે ત્રીજા પથ્થરનું કોતરકામ શરૂ કર્યું, પરંતુ મૂર્તિ બનતા-બનતા કેટલાક અંગ ખંડિત થઈ ગયા. છેલ્લે સાવધાનીપૂર્વક ચોથા પથ્થરની સુંદર મૂર્તિ બનાવવામાં શિલ્પકાર સફળ રહ્યો. પહેલા તૂટેલા પથ્થરને મંદિરનાં પ્રથમ પગથિયામાં લગાવવામાં આવ્યો. બીજા તૂટેલા પથ્થરને નાળિયેર તોડવાની જગ્યાએ મૂકવામાં આવ્યો. ત્રીજી અંગ-ભંગ થયેલી ખંડિત મૂર્તિને દર્શન-મંડપમાં સજાવવામાં આવી.

જ્યારે ભવ્ય મંદિર બનીને તૈયાર થયું ત્યારે શુભ દિવસે કુળદેવીની મૂર્તિની વિધિવત પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારે ત્રણેય તૂટેલા પથ્થરો અંદરો-અંદર વાતો કરવા લાગ્યા, “જુઓ, આ પથ્થરની કેટલી સન્માનથી પૂજા થઈ રહી છે.” ત્યારે કુળદેવી બનેલી શિલા બોલી, “સખીઓ, આ તો મારી સહનશિલતાનો જાદુ છે!” પહેલા પગથિયામાં મૂકેલી શિલાને મૂર્તિએ કહ્યું,

'સખી, તેં તો માત્ર બે-ચાર હથોડાનો માર જ સહન કર્યો, એટલે જ ભક્ત તને નમન કરે છે, પરંતુ તારા પર પગ રાખીને આગળ વધે છે." બીજા પથ્થરને મૂર્તિએ કહ્યું, "મીઠી સખી, તે પ્રથમ ખડક કરતાં વધુ સહન કર્યું, તેથી તને ચોટ સાથે મીઠા નાળિયેરનું પાણી મળે છે." ત્રીજા પથ્થરને કુળદેવીએ કહ્યું, "પ્રિય મિત્ર, પ્રથમ બે કરતાં પણ વધુ સહન કર્યું, પણ અંતે સહનશીલતા ખોઈ વિચ્છેદ થવાથી માત્ર દર્શનીય બની! પરંતુ હું ખુશી-ખુશીથી છીણી-હથોડાનો માર અંત સુધી સહન કરતી રહી અને સહનશીલતાના ચમત્કારથી પૂજાને પાત્ર બની શકી!"

સાચે જ નાજુક મન, કોમળ હૃદય અને ક્રોધી સ્વભાવવાળો વ્યક્તિ, નબળા પથ્થરની જેમ નાની મોટી વાતોથી તૂટી જાય છે અને લક્ષ્ય ચૂકી જાય છે. સંસારમાં મહાન બનવું હોય તો મનને મીણ જેવું મુલાયમ નહીં, વજ્ર જેવું સખત બનાવવું જરૂરી છે. યુદ્ધના મેદાનમાં દુશ્મનના તીરોનો સામનો કરી આગળ વધતા હાથીની જેમ ,અપ્રિય શબ્દો અને અનિચ્છનીય વાતોનો સામનો કરતાં, હૃદયની પીડા સહન કરવાથી જ મહાનતા વધે છે. આમ પણ, ધીર-ગંભીર બની અગ્નિ પરીક્ષાઓનો તાપ સહન કર્યા વિના યશ નથી મળતો, કે ના તો મહિમાની માળાઓ પહેરી કોઈ મહાવીર બની જતું. તેના માટે હૃદયને હિમાલય જેવી મજબૂતી આપી, નિંદા, અપમાન બધું સહન કરવું પડે છે. ભગવાનની ઇચ્છા છે કે "હું પૂજવાયોગ્ય બનું" અને તેના માટે ભગવાને જ મને સહન કરવાની આજ્ઞા આપી છે - એવું સમજી, જે સહન કરવાની હિંમત કરે છે, તેને જ ભગવાન પણ હજાર કદમ આગળ વધવામાં મદદ કરે છે. સહન કરવાની હિંમત રાખવાથી જ વ્યક્તિની કિંમત થાય છે. તેથી, હકારાત્મક અભિગમ રાખી, પરીક્ષાઓને યશનું સાધન માને છે, તોફાનોને તોહફા આપનાર વિમાન માને છે તથા બીજાનાં ફક્ત ગુણો જોઈ ગુણગ્રાહક બની પોતાના અવગુણો ત્યજવા માટે જે દ્રઢ રહે છે, તેવા પુરુષાર્થીનો સ્વભાવ સહનશીલ અને સરળ-સુલભ સંસ્કાર બની જાય છે.

ખોળામાં બેઠેલું બાળક મળ-મૂત્ર ત્યાગ કરે ત્યારે માતા મુંઝાતી નથી, પરંતુ સ્નેહથી બાળકની ગંદકી સાફ કરે છે. માતા બાળક કરતાં વધુ નબળી નથી હોતી, પરંતુ બાળક અબૂધ અને નિર્દોષ-નિરાપરાધ છે, એવી પરિપક્વ સમજણથી બાળકની ભૂલને ભૂલ નથી માનતી. કોઈ કન્યાને સારૂ-નરસું કહો તો ક્રોધિત થાય, પણ એ જ છોકરી લગ્ન પછી ક્યારેક સાસુ-સસરાના ટોણા સાંભળે છે તો ક્યારેક પતિનો માર પણ ખાઈ લે છે. શિશુ ગર્ભમાં પણ લાત મારે છે અને જન્મ પછી પણ તકલીફ આપે છે, પરંતુ કન્યા મમતામયી માં બની, બાળક પર સર્વસ્વ લૂંટાવી તે દરેક પીડા સહન કરે છે, તેનામાં આટલી સહનશક્તિ ક્યાંથી આવે છે? સ્ત્રીમાં છુપાયેલી માતૃત્વની શક્તિ જ બાળકનું પાલન-પોષણ અને રક્ષણ કરવાનું બળ આપે છે. બાળકની પ્રગતિને પોતાની પ્રગતિ માની, સંતાનના સુખમાં પોતાનું સુખ સમજી સહન કરવું, મા ને સહન કરવાનું લાગતું જ નથી. સાચું પૂછો તો સ્નેહના ગર્ભમાં જ સહનશક્તિ જન્મે છે.

"હું જગતમાતા છું" આ સ્વમાન બુધ્ધિરૂપી ગર્ભમાં ધારણ કરવાથી આખું જગત પોતાનો જ પરિવાર લાગે છે અને વસુધૈવ કુટુંબકમની વિશાળ ભાવનાને જાગૃત કરી દરેકને પોતાના માનવાથી સહન કરવું અઘરૂં નથી લાગતું. માતેશ્વરીજી કન્યા હોવા છતાં પણ જગતમાતાના સ્વમાનની ઊંડી ધારણાથી જ જગદંબા સરસ્વતી કહેવાયા અને સહનશીલ બની ઉગ્ર વિરોધનો સામનો કરતા રહ્યા - એ દર્શાવતી આ પ્રેરણાદાયી

ઘટના છે. એકવાર મમ્મા કાનપુર ગયા હતા. બ્રહ્માકુમારીઓની મુખિયા પાછી ફરે તો બ્રહ્માકુમારીઓને રોકવી આસાન હશે, એવા વિચાર સાથે આર્યસમાજીઓએ સરઘસ કાઢ્યું, પરંતુ તેઓને જેમ-તેમ કરીને અટકાવવામાં આવ્યું. પણ એ સરઘસમાં જ્ઞાનમાર્ગે ચાલતી માતાને વાસનાતૃપ્તિ માટે હેરાન કરનાર પતિ પણ હતો, તે ગુસ્સામાં મમ્મા પાસે ગયો. માતેશ્વરીજી પહેલા માળે શક્તિશાળી યોગમાં મગ્ન હતા. તેને જોતાં જ મમ્માએ ક્યાં કહ્યું, "આવો બેટા, કેમ આવવાનું થયું ?" ચુંબકીય સ્નેહભર્યા શબ્દોથી આકર્ષાઈને એ કામી-ક્રોધી મમ્માના શરણમાં જતો રહ્યો, એને જ ખબર ના રહી. નીચે આવતાં જ તેણે કહ્યું, "ભલે આ બહેનો કેવી પણ હોય, પણ તેમની મમ્મા ખૂબ જ સારી છે" આ હતો મમ્માના 'જગતમાતાના સ્વમાન' ની લાંબી પ્રેક્ટિસમાંથી જન્મેલી સહનશક્તિનો જાદુ! જરાક શરદી-ઉધરસ થતાં વ્યક્તિ પરેશાન થઈ જાય છે, પરંતુ પીડાશામક દવા ન હોવા છતાં પણ કેન્સર જેવી જીવલેણ અસાધ્ય બીમારીની અસહ્ય પીડા માતેશ્વરીજીએ યોગબળથી સહન કરી.

ખરૂં કહું તો માતૃત્વની માટીમાં સહનશીલતાનું બીજ અંકુરિત થાય છે. પ્રેમરૂપી ગર્ભમાં સહનશક્તિ જન્મ લે છે. ધીરજની છાયામાં સહનશીલતા વધતી જાય છે અને ક્ષમાના જળસિંચનથી સમૃદ્ધ થાય છે. ઉદારતાની છત્રછાયા હેઠળ, સહનશીલતા આકાશની ઊંચાઈઓ પ્રાપ્ત કરે છે. જ્ઞાનસૂર્યનાં કિરણોથી ઊર્જા મેળવી, હિંમત અને સાહસનો સહયોગ મળતાં જ સહનશીલતા ખૂબ ફળે-ફૂલે છે અને આત્માને સદગુણોના સંગથી સુગંધિત પુષ્પ બનાવી દે છે. સહનશીલ પુરુષ સતત, શૂળ સમાન શબ્દો બોલી દિલ દુઃખાવનાર લોકો વચ્ચે રહીને પણ રૂહે ગુલાબ બની, દરેકને મોહિત કરી સુખનો સ્વાદ ચખાડે છે તથા સૌના પ્રિય બની પોતાને ઈશ્વરનાં ચરણોમાં અર્પણ કરી પ્રભુ સાનિધ્યનું સુખ અને સૌભાગ્ય મેળવે છે.

સંબંધ નિભાવતા આપણે એક વાત ભૂલી જઈએ છીએ, જ્યાં સહનશક્તિની જરૂર હોય છે, ત્યાં સામનો કરવાની શક્તિનો પ્રયોગ કરીએ છીએ. જ્યાં જીંદગી વિતાવવી છે ત્યાં સાથીઓ સાથે દુશ્મનાવટ કરીએ છીએ, પણ એનો શો ફાયદો? આ તો પાણીમાં રહીને મગરમચ્છથી વેર રાખવા જેવું થયું. સત્ય તો એ છે કે વ્યક્તિનો દુશ્મન આત્માઓ નથી, મનોવિકૃતિઓ જ માનવ આત્માનો દુશ્મન બની સુખ-શાંતિની સંપત્તિ લૂંટી લે છે. સાચો સામનો વ્યક્તિ સાથે નહી, કામ-ક્રોધ વગેરેથી છે! આમ પણ, મદ-મત્સરનો મુકાબલો દૈવી ગુણોના શસ્ત્રોથી કરવો જોઈએ. ખરૂં કહું તો લડાઈ-ઝઘડાને મૌનથી, ક્રોધને શાંતિથી, અપમાનને ક્ષમાથી, દુર્ભાવનાને સદભાવનાથી, ધિક્કાર-અનાદરને પ્રેમથી, નફરતને કરુણાથી, દાનવતાને દયાથી, લોભને સંતોષથી અને અહંકારને વિનમ્રતાથી જીતવો જોઈએ. વિષમ સ્વભાવ - સંસ્કારોના પ્રહાર અને પરિસ્થિતિઓના મારને સહનશક્તિના કવચ દ્વારા રોકીને સ્વ-બચાવ સરળતાથી શક્ય છે. જે રીતે કાચબો કર્મ કરીને અંગોને ઢાલની અંદર સંકોરી સર્પદંશથી બચે છે, તેવી જ રીતે, ઝેર ઓકનાર વ્યક્તિની ઝેરી વાણીથી યોગી પણ સહનશક્તિનું કવચ પહેરી પોતાનું રક્ષણ કરે છે.

કર્મની ગતિ સમજી લેવાથી સહન કરવું અઘરું નથી લાગતું! ઉધાર લેનાર દેવામાંથી છૂટતો નથી. આ જન્મમાં નહિ તો આવનારા જન્મોમાં લેણ-દેણ ચૂકવવી જ પડે છે. કોઈ કાળે આપેલું દુઃખ વ્યાજ સહિત ફરીથી મળે છે. કોઈ જન્મમાં

પતિ બની માર માર્યો હશે, તો પત્ની બની માર પણ ખાવો પડે છે- આ કર્મનાં ગણિતમાં ભૂલ કે હિસાબમાં કોઈ વિલંબ નથી હોતો. "ચાર દિવસ સાસુના અને ચાર દિવસ વહુના" એ નિયમને સારી રીતે સમજી, સાસુની સેવા કરવાથી વહુ પણ સેવાનું ફળ ચાખી લે છે. રમતમાં 'અ' એ 'બ' ને દડો આપ્યો તો "બ" એ દડો "ક" ને આપે છે. “ક” એ જ દડો “ડ” ને આપે છે અને છેલ્લે “ડ” પાસેથી એ જ દડો ફરીને "અ" ને મળે છે - તેવી જ રીતે કર્મનાં સિદ્ધાંત અનુસાર આપવામાં આવેલ દુઃખરૂપી દડો ફરી ફરીને આપનારને પાછો મળે છે. ભાગ્યની થાળીમાં એમ જ દુઃખ-દર્દ નથી પીરસવામાં આવતું! કર્જ ચૂકવવાથી કર્જદાર હળવો થતો હોય છે. સહન કરતી વખતે સારા અને ખરાબ કાર્યોનો હિસાબ પૂરો થઈ રહ્યો છે, એવું સમજવાથી સહન કરવું સરળ લાગે છે.

લુહારના હથોડાનું ઠંડું લોખંડ ગરમ લોખંડને વાળે છે, એમ જ અહંકારી વ્યક્તિનાં ગરમ સ્વભાવને શીતળ શબ્દો અને મીઠી વાણી ઠંડો કરે છે. ક્રોધથી ક્રોધાગ્નિ શમતી નથી, લડાઈ-ઝઘડા વધારવાને બદલે ચૂપ રહેવામાં પણ કલ્યાણ હોય છે. આથી કહેવાય પણ છે કે, 'એક ચૂપ, સો સુખ' તથા 'એક ચૂપ સોને હરાવે'. અહંકારી સાથે વાદવિવાદ ન કરી 'મૌનમ સર્વાર્થ સાધનમ' ના સુભાષિત અનુસાર મૌનથી જીતી શકાય છે. સતાવનારને સહનશીલતાની પરીક્ષા લેનાર પરીક્ષક માની, સહન કરવાને સમસ્યા સમજવાને બદલે જીવનની પાઠશાળામાં થનારી પરીક્ષા સમજી, સમસ્યારૂપી પ્રશ્નોનો જવાબ દૈવી ગુણોના આચરણ દ્વારા આપવામાં આવે તો સહનશીલતાની કસોટીમાં પાસ થવું બિલકુલ મુશ્કેલ નથી.

તાજમહેલની અનોખી કોતરણી જોઈ વિશ્વભરના પ્રવાસીઓ દંગ રહી જાય છે. પણ સંગેમરમરને કોતરીને તેને આકર્ષક રૂપ આપનાર કાળનાં ગાલમાં સમાયેલા કારીગરોને કોણ જાણે છે! જેમ વિશ્વની સાત અજાયબીઓમાંની એક ગણાતા તાજમહેલની સુંદરતા-ભવ્યતા શિલ્પકારો વિના શક્ય નથી, એમ જ સહનશીલતારૂપી શિલ્પકાર વિના આત્મિક સુંદરતા-દિવ્યતા પણ શક્ય નથી! આધ્યાત્મિક સુંદરતામાં ચાર ચાંદ ત્યારે જ લાગે જ્યારે વ્યક્તિ પોતાની જાતને સહનશીલતાના અદ્ભુત શિલ્પકારને સમર્પિત કરે, કારણ કે 'સહનશીલતા'... સંસ્કાર ઘડનાર... એક અદભૂત શિલ્પકાર છે!

**॥ ઓમશાંતિ ॥**

**અનુવાદઃ બી.કે. વિજય પોશિયા,**
**ઈન્ડિયા કોલોની, અમદાવાદ.**

---

**(પેજ નં. 28નું અનુસંધાન)... દિવ્યદર્શન**

ત્રિદેવો દ્વારા ભારતની કન્યાઓને જ્ઞાન, યોગ અને દિવ્યગુણોની શક્તિથી સજાવી તેમના દ્વારા આસુરી શક્તિઓનો વિનાશ કર્યો. તે આજ શિવશક્તિઓ દ્વારા આપેલ અલૌકિક જ્ઞાનના યાદગારના રૂપમાં આજે નવરાત્રિની શુભ શરૂઆતમાં કળશ અને ગરબાની સ્થાપના કરવામાં આવે છે. આત્માઓને અજ્ઞાન અંધકારમાંથી જગાડવાની યાદ સ્વરૂપે ભક્તો અખંડ દીવો પ્રગટાવી જાગરણ કરે છે. તે દિવ્ય કન્યાઓના મહાન કાર્યને કારણે જ દર વર્ષે નવરાત્રિમાં કન્યાપૂજન પણ કરવામાં આવે છે. આવો, આપણે મનાવીએ અલૌકિક નવરાત્રિ સ્વયં દેવી સ્વરૂપા બની વિભિન્ન ભક્તોની ભાવનાને પૂર્ણ કરવા અને સાક્ષાત્કારની સેવા દ્વારા.

**॥ ઓમશાંતિ ॥**

# વિજયાદશમી અથવા દશેરા

બ્રહ્માકુમારી દમયંતીદીદી, જૂનાગઢ



આસો માસના શુક્લપક્ષાની એકમથી નવમી સુધી નવરાત્રિ ઉજવ્યા બાદ દશમના દિવસે ભારતના લોકો વિજય પર્વ અથવા દશેરા ઉજવે છે. તેઓ માને છે કે, આ દિવસે રામે રાવણ પર વિજય પ્રાપ્ત કર્યો હતો. આ દિવસે તેઓ રાવણની સાથે મેઘનાદ અને કુંભકરણના પૂતળાઓ બાળે છે. તેઓ માને છે કે આ દિવસે જે કાર્ય કરવામાં આવે તેમાં સફળતા અને શત્રુઓ પર વિજય પ્રાપ્ત થાય છે.

આજે રામ કથા એટલી લોકપ્રિય છે કે ફક્ત આદિ સનાતન ધર્મવાળા જ નહીં પણ બૌદ્ધ જૈન વગેરે પણ તેને કોઈને કોઈ રીતે માને છે. ઈન્ડોનેશિયામાં મુસલમાન લોકો પણ તેનું મંચ પર નાટક ભજવે છે. કંબોડિયાના રામમંદિર અંગકોર વાટનું નામ તો વિશ્વવિખ્યાત છે. પરંતુ જુદા જુદા દેશો, સંપ્રદાયો અને ભાષાઓમાં જે રામાયણ મળે છે, તેમાં અંતર છે. ઈતિહાસ શોધકો કહે છે કે વાલ્મિકી દ્વારા કવિતા-બદ્ધ કરવા પહેલાં પણ રાવણ કોઈ દશ માથાવાળો વ્યક્તિ હોઈ શકે જ નહીં. આજે જો આમ કોઈ શરીર-વિજ્ઞાન કે માનસ શાસ્ત્રી કે વિદ્વાનોને પૂછો તો તે આપને કહેશે કે દસ માથાવાળો કોઈ મનુષ્ય હોઈ શકે જ નહીં અને લંકા દેશના લોકો તો એમ કહે છે કે તેમના દેશના ઐતિહાસિક અથવા પ્રાગૈતિહાસિક કાળમાં 'રાવણ' નામનો તો કોઈ રાજા થયો જ નથી. આ સિવાય 'રાવણ' અને 'રામ' બન્ને નામો એક બીજાના વિરુદ્ધાર્થ વાચક છે. 'રાવણ'નો અર્થ છે. 'રડાવનાર' અને 'રામ'નો અર્થ છે. 'લોભાવનાર -મનમોહક.' વળી, સીતાનો જન્મ પૃથ્વીમાં દબાયેલા ઘડામાંથી થવાની વાત પણ લોકોની વિવેક-બુદ્ધિ સાથે સુસંગત નથી. કેમકે આજે તો વંશવૃદ્ધિની ક્રિયાને લોકો વૈજ્ઞાનિક દૃષ્ટિથી જાણે છે. આ પ્રમાણે આ તથા આવા અનેક તથ્યોના આધારે લોકોની એવી માન્યતા છે કે 'રામકથા' એક ઉચ્ચ આધ્યાત્મિક સિદ્ધાંત અને વૃતાંતનો બોધ આપનારી છે, જે ત્રેતાયુગના રાજારામના સંબંધિત નથી. પણ જગતના રચયિતા 'રામ' સંબંધિત છે. તેનો બરાબર ખ્યાલ આવી શકે છે. ત્રેતાયુગી શ્રીરામના રાજ્યમાં તો દૈહિક, દૈવિક અને ભૌતિક દુઃખ-સંતાપો તો હતા જ નહીં. ત્યારે તો કોઈ અસુર આ ધરતી પર તો હતો જ નહીં કે જેનો વધ કરવો પડે.

જો આ દૃષ્ટિકોણથી આખી કથા પર વિચાર કરવામાં આવે તો આ સમસ્ત વિશ્વ જ સાગરથી ઘેરાયેલું હોવાથી વિશાળ ટાપુ કે દ્વીપ છે. પહેલાં આ વિશ્વ સોનાનું હતું. ધન-ધાન્યથી સંપન્ન હતું. આ પ્રમાણે આ સૃષ્ટિ પ્રાચીન કાળમાં સોનાની લંકા હતી. ધીરે ધીરે અહીંના નર-નારી નૈતિકતાના પતન તરફ વળ્યા. પરિણામે અહીંયાં ધર્મગ્લાનિ અને અધોપતનની સ્થિતિ પેદા થઈ. દરેક નર અને નારીના મન પર કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર નામના પાંચ-પાંચ વિકારોનું રાજ્ય જમાવી દીધું. તેનું જ પ્રતીક દસ માથાવાળો રાવણ બતાવવામાં આવે છે. કેમ કે મુખને જ મનુષ્યના મનનું દર્પણ કહેવામાં આવ્યું છે. એટલા માટે દસમુખવાળું પૂતળું બનાવવામાં આવ્યું.

આવા ધર્મગ્લાનિના સમયે મનને હર્ષિત કરનારા ગુણો પ્રાયઃ લુપ્ત હતા અર્થાત્ રામ ત્યારે વનવાસી હતા. ત્યારે દરેક આત્મા રૂપી સીતા

પરમાત્મારૂપી રામને પોકારી રહી હતી. ત્યારે સીતાએ મર્યાદાનું અથવા મનથી લક્ષ્યરેખા (લક્ષ્મણ રેખા)નું ઉલ્લંઘન કર્યું હતું અને માયારૂપી મારીચ મૃગે આત્મારૂપી સીતાના મનને કપટ જાળમાં ફસાવી દીધું હતું. ત્યારે પાંચ વિકારો રૂપી રાવણે તેનું અપહરણ કર્યું અને તેને બંદી (જીવન બદ્ધ) બનાવી ત્યારે આ સંસારના લોકો વાનર-સમાન થઈ ગયા હતા. ત્યારે નિરાકાર બાપ (પરમાત્મા) અવતરિત થયા. તેઓએ વાનરના સમાન કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારના પ્રભાવમાં દબાયેલા નરનારીઓ રૂપી વાનરોની સેના લીધી. તેમને શિસ્તબદ્ધ સંગઠિત કર્યા અને એમને યોગરૂપી શક્તિ આપી એ વાનરસેના દ્વારા તેમણે આસુરીલંકાનો વિનાશ કરાવ્યો અને રાવણનો વધ કરાવીને આત્મા રૂપી સીતાને રાવણની કેદમાંથી છોડાવી. આ કલ્યાણકારી વૃત્તાન્તના આધાર પર આધ્યાત્મિક રામાયણ રચવામાં આવી જે સમયાંતરે સ્વરૂપ-પરિવર્તન પામતી ગઈ.

આજે ફરીથી આ ભૂમંડલ રાવણની લંકા બની ગયેલું છે, આજે ફરીથી શરીરરૂપી પંચવટીમાં રહેનારા, આત્મારૂપી સીતાનું અપહરણ ભ્રષ્ટાચાર રૂપી રાવણે કર્યું છે. રાવણ રાજ્ય વિશે કહેવામાં આવે છે કે ત્યારે જલ, અગ્નિ, વાયુ આદિ બધા રાવણને આધીન હતા. આજે પણ આપણને નળની ચકલી ખોલતાં પાણી આવી જાય છે. બટન દબાવતાં અગ્નિ થઈ જાય છે. સ્વીચ ઓન કરતાં પવન વાય છે, કહે છે કે રાવણે એક એવી સીડી બનાવેલી હતી કે તે ચન્દ્રમા સુધી પહોંચી શકતો હતો. આજે મનુષ્ય પણ અંતરીક્ષયાન દ્વારા ચંદ્ર પર જઈ ઉતરે છે. રાવણ રાજ્યમાં બસ એક જ ખામી રહી ગઈ હતી મુર્દાને જીવંત કરી શકાતું ન હતું બસ તેજ સ્થિતિ આજે છે. આજે કુંભકરણ જેવા સુસ્ત અને નિદ્રાધીન લોકો પણ છે અને મેઘનાદ અર્થાત્ વાદળો જેવી ભયાનક, ધ્વનિસમ ગર્જતા, રોબથી ડરાવનારા લોકો પણ છે. રામનું તો ફક્ત નામ જ છે. મનતો 'કામ'ને જ આધીન છે. હવે સમજી લેવું જોઈએ કે હવે ફરીથી તેનો અંત નજીક છે.

આ પ્રમાણે આધ્યાત્મિક દૃષ્ટિકોણથી જોવામાં આવે તો રાવણ હજુ મર્યો નથી. દર વર્ષે લોકો લાખો કરોડો રૂપિયા ખર્ચીને રાવણના પૂતળાને બાળે છે. પરંતુ રાવણ સ્વયં તો મનુષ્યના મન પર સિંહાસનસ્થ છે. આશ્ચર્યની વાત છે કે લોકો દર વર્ષે રાવણના પૂતળાને વીતેલા વર્ષની સરખામણીમાં વધુને વધુ ઉંચુ બનાવે છે અને બીજી તરફ ભ્રષ્ટાચાર, પાપાચારનો રાવણ પણ મોટો થતો જાય છે.

આપણા માટે હવે સ્પષ્ટ જ છે કે રામ કથાના ઉપરોક્ત આધ્યાત્મિક રહસ્યને સમજીને સાચા અર્થમાં રામને આપણા મનમાં ઉતારી અને પાંચ વિકારો રૂપી રાવણને જ્ઞાનરૂપી રામબાણથી મારીને યોગ અગ્નિથી તેને જલાવીએ. તેનાથી જ રાવણનો નાશ થશે, નહીં તો હજુ રાવણ મૃત્યુ પામ્યો નથી, હજુ તો ફક્ત તેનું પૂતળું જ બળ્યું છે.

॥ ઓમશાંતિ ॥

- **સારો સ્વભાવ એ માનવજીવનની સુગંધી છે. એ સુગંધ જ વાતાવરણને ભરી દે છે ને સૌના હૃદયમાં સ્થાન અપાવે છે.**
- **ઉછીનાં અજવાળા લઈને પ્રકાશિત થવાની મહેચ્છામાં રઝળનારા માનવીને કોણ સમજાવે કે આપણે જાતે જ આપણા દીપક બનવાનું છે. શ્રમ વિના પ્રકાશ પ્રગટે ક્યાંથી? ને પ્રગટ્યો લાગે તો ટકે ક્યાંથી? પારકા પાણી વલોવ્યા કરવાથી નિધિનાં નવનીત સાંપડે જ નહિ. એ માટે તો જોઈએ પોતાની જાતનો શ્રમ.**

# ક્રોધમુક્ત

## બ્ર.કુ. મધુબેન, બાંટવા

ક્રોધ મનુષ્યનો મહાશત્રુ છે જ્યાં ક્રોધની અગ્નિ સળગતી હોય ત્યાં પાણીના માટલા પણ સૂકાઈ જાય છે. ક્રોધી પોતે તો બળે છે અને બીજાને પણ બાળે છે. અગ્નિ મુડદાને બાળે છે. પરંતુ ક્રોધ અગ્નિ જીવતા મનુષ્યને બાળે છે.

**ક્રોધ આવવાના અનેક કારણ છે.**

ઈચ્છાઓ પૂરી ન થાય તો ક્રોધ આવે.

કોઈ આપણું કહ્યું ન માને તો ક્રોધ આવે.

કોઈ સાથ ન આપે તો ક્રોધ આવે.

કોઈ આપની નિંદા કરે તો ક્રોધ આવે

કોઈ કારણ વગર બોલે તો ક્રોધ આવે.

કોઈ વાત-વાતમાં રોક-ટોક કરે તો ક્રોધ આવે.

જ્યારે આપણને ક્રોધ આવે છે ત્યારે આવેશમાં આપણી વિચારવાની-સમજવાની શક્તિ ખતમ થઈ જાય છે. આપણે સાચો નિર્ણય લઈ શકતા નથી. આપણે પોતાનું જ નુકસાન કરી બેસીએ છીએ.

ક્રોધ એવી ચીજ છે જે આપણી મનની શક્તિ શાંતિ અને સુકુનને છીનવી લે છે. મીઠા સંબંધોને તોડી નાંખે છે. સંબંધોમાં ઝેર પૂરી દે છે. એક વાર જે વ્યક્તિ ગુસ્સો કે ક્રોધ કરે છે એ પૂરી જીંદગીભર પોતાને સજા આપે છે. ગુસ્સામાં બોલેલા શબ્દ સામેવાળી વ્યક્તિ એવા દિલમાં ઘાવ આપે છે કે જેઓ આખી જિંદગી ભૂલી નથી શકતા. ગુસ્સો કરવાવાળી વ્યક્તિને કોઈ પ્રેમ નથી કરતું બધા લોકો તેનાથી દૂર ભાગે છે.

એક વ્યક્તિ હતો તેને ખૂબ ગુસ્સો આવે ઘરમાં તેના પરિવાર સામે વાતવાતમાં ઝગડો કરી લે ગુસ્સામાં જેમ ફાવે તેમ બોલી નાખે. આ વ્યક્તિ ક્રોધ કર્યા પછી પસ્તાય પણ ખરો. મારે ક્રોધ ન કરવો જોઈએ. ઘરના બધા વ્યક્તિઓ દુઃખી થઈ જાય છે છતાં પણ ક્રોધ કરવાની આદત પડી ગઈ હતી. કોઈ એવી વાત આવે અને ક્રોધ કરી બેસે. પોતાને રોકી ન શકે. એક વાર એક સંત પાસે ગયો. ત્યાં જઈને વાત કરે છે. મને ખૂબ જ ક્રોધ આવે છે. હું ક્રોધમાં જેમ ફાવે તેમ બોલું છું. હું કંટ્રોલ કરી શકતો નથી. તો સંતે કહ્યું કે જ્યારે તને ગુસ્સો આવે ત્યારે એ વિચારવાનું કે આજે મારે ગુસ્સો નથી કરવો આવતી કાલે કરીશ. તો પેલા વ્યક્તિએ સંતને કહ્યું કે એ કેવી રીતે બને? તો સંતે કહ્યું કે તું ટ્રાય તો કર તો તેણે એ વાત માની ઘરે ગયો. કોઈ એવી વાત બની તેને ક્રોધ આવવા લાગ્યો. સંતની વાત યાદ આવી વિચાર્યું આજે મારે ક્રોધ નથી કરવો કાલે કરીશ અને રોકાઈ ગયો. ક્રોધ શાંત થયો અને રોજ એ વાત યાદ રાખી. આજે નહીં કાલે ક્રોધ કરીશ. આમ કરતાં ક્રોધ જતો રહ્યો.

ક્રોધમાં પણ એવું હોય છે કે ગુસ્સો કોના ઉપર કરીએ છીએ એની પણ ચોઈસ હોય છે. આપણાથી નાના હોય, લાચાર હોય, દૂબળા હોય કે પછી ગરીબ હોય કે વૃદ્ધ હોય તો તેને દબાવી રાખવા માટે આપણે ગુસ્સો કરતાં હોય છે.

જેમ કે મોટા વ્યક્તિઓ કે નામધારી વ્યક્તિ હોય જેમનું સમાજમાં નામ હોય કે તાકાતવાળા હોય તેની સામે આપણે ગુસ્સો નથી કરતાં વ્યક્તિઓ જોઈને ગુસ્સો કરીએ છીએ.

જુઓ કોઈને દબાવીને ક્રોધ કરીને કોઈ પાસેથી એક યા બે વાર કામ કરાવી શકીએ છીએ કાયમ નહીં.

ક્રોધ કરવાથી આપણે લોકોની દિલ ઉપરથી ઉતરી જઈએ છીએ. જે વ્યક્તિ જેના ઉપર ક્રોધ કરે છે અને સામેવાળી વ્યક્તિ દુઃખી થાય છે અને એની બદદુઆ મળે છે. ગુસ્સો કરવાથી બદદુઓ કમાઈએ છીએ. દુઆઓ નહિ. એ ભેગી કરેલી બદદુઆઓ આપણને આ જન્મમાં યા બીજા જન્મમાં દુઃખ આપે છે. એટલે આપણે કોઈને ક્રોધ કરી આ જીવનમાં દુઃખ આપીશું તો બીજા જન્મમાં યા આ જન્મમાં આપણે દુઃખી બીમાર થઈશું.

ઘણી વખત આપણે કહીએ છીએ મેં ક્રોધ ઉતારી દીધા એટલે હળવો થઈ ગયો. જેના ઉપર ક્રોધ ઉતારીએ છીએ એનું શું થાય છે જરા વિચારો એને કેટલું દિલમાં દુઃખ થાય છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા છાપામાં એક કિસ્સો આવ્યો હતો એક છોકરી હતી તેને મનમાં તેની માને મારી નાખવાની ભાવના ઘર કરી ગઈ અને મારવા માટે ઘણા પ્રયત્ન કર્યાં પરંતુ નિષ્ફળ રહી. મનમાં આગ લાગી હતી હું મારી માને મારી નાખું. કારણ એ હતું કે તેની મા તેને વાત વાતમાં રોક-ટોક કરે તેનો વાંક કાઢ્યે રાખે. તેની મા ક્યારેક છોકરી માટે સારું ન બોલે એટલે છોકરીના મનમાં માં માટે નફરત આક્રોશ ક્રોધ રહે કે હું તેને મારી નાખું પરંતુ તે માને મારી ન શકી પરંતુ તેને લકવા થઈ ગયો મા તેને ડોક્ટર પાસે લઈ ગઈ. ડોક્ટરે તેની ખૂબ પ્રેમથી સારવાર કરી અને ડોક્ટરને વાત કરી કે મારી મા પર મને ખૂબ જ ક્રોધ આવે છે. ડોક્ટરે તેને સમજાવી કહ્યું કે તું તારા મનમાંથી ક્રોધ કાઢી નાંખ અને માને પણ સમજાવી, તું તારી દીકરીને પ્રેમ કર પ્રેમથી રાખ, ખરેખર કોઈએ ભૂલ કરી હોય તો પ્રેમથી સમજાવીને પણ ક્ષમાભાવ, દયાભાવ અને પ્રેમભાવથી જ ક્રોધને જીતી શકાય છે. જેનો સ્વભાવ માફ કરવાનો હોય છે. તેને ગુસ્સો ન આવે. દુનિયા ગુસ્સાથી કે ક્રોધથી નથી ચાલતી પરંતુ પ્રેમથી જ ચાલે છે.

## ક્રોધને જીતવાની યુક્તિઓ

જ્યારે પણ ક્રોધ આવે તો એ સ્થાન પરથી દૂર જતાં રહો, એકાંતમાં અને લાંબા શ્વાસ લો. ક્રોધ શાંત થશે, એ વિચારો કે હું શાંત સ્વરૂપ આત્મા છું. મારી આત્માનો સ્વધર્મ શાંતિ છે. શાંતિના સાગર પરમાત્માની સંતાન છું.

100 આંકડાથી લઈ ઉલ્ટી ગણતરી શરૂ કરો તો તેના પરથી ધ્યાન અંક ગણવામાં જશે ધીરે ધીરે શાંતિ આવી જશે.

સંતુષ્ટતાનો ગુણ ધારણ કરીએ ખૂબ ઈચ્છાઓ ન રાખીએ.

કોઈ એવા વ્યક્તિ સાથે વાત કરીએ જે આપણને શાંતિનો માર્ગ બતાવે.

મેડિટેશન કરીએ, પરમાત્માને યાદ કરીએ શાંતિ મળશે.

કહે છે કે જેવું અન્ન તેવું મન. ખૂબ જ તીખું ભારે ભોજન લેવાથી એની અસર મન ઉપર થાય છે અને ક્રોધ આવે છે. ક્રોધ ને જીતવા માટે શુદ્ધ સાત્વિક આહાર લઈએ તો આપણું મન શાંત રહેશે.

જ્યારે ક્રોધ આવવાનું શરૂ થાય તો ઠંડુ પાણી એક એક ઘૂંટડાથી પીઓ મન શાંત થઈ જશે. કહે છે મનુષ્ય પોતાના જીવનમાં ધારે એ કરી શકે છે. તો આપણે ગુસ્સો / ક્રોધને તો જીતી શકીએ છીએ.

**॥ ઓમશાંતિ ॥**

## દિવ્યદર્શન

# શક્તિ આરાધનાનું પર્વ - નવરાત્રિ

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

નવરાત્રિ એટલે શક્તિની આરાધનાનું પર્વ. હિન્દુ ધર્મ અનુસાર વર્ષમાં ચાર નવરાત્રિ ઉજવાય છે. મહા અથવા માઘ માસની નવરાત્રિ, ચૈત્રી નવરાત્રિ, અષાઢી મવરાત્રિ અને અશ્વિન અથવા આસો નવરાત્રિ. પરંતુ આ ચાર નવરાત્રિમાં ચૈત્રી નવરાત્રિ અને અશ્વિની નવરાત્રિ સૌથી વધુ પ્રખ્યાત છે. હિન્દુ સંસ્કૃતિમાં ચૈત્ર અને અશ્વિની માસ દરમિયાન આવતી નવરાત્રિના નવ દિવસ હોય છે. આ નવ દિવસોમાં વ્રત ઉત્સવને માન્ય રાખવામાં આવ્યાં છે જેથી શરીરને આવનારી ઋતુ પ્રમાણે ગોઠવવાનો સમય મળે, અને તાવ કે અન્ય વ્યાધિનો પ્રભાવ તેના પર ન પડે.

શાસ્ત્રોમાં નવરાત્રિ અનુષ્ઠાનની પરિભાષા આપતા કહેવામાં આવ્યું છે કે, 'નવ શક્તિભિઃ સંયુક્તં નવરાત્રં તદુચ્યતે' અર્થાત્ દેવીની નવધા શક્તિ જે સમયે મહાશક્તિનું સ્વરૂપ ધારણ કરે છે તે સમયને નવરાત્રિ કહેવામાં આવે છે. આપણા ધર્મ શાસ્ત્રો, વેદો, ઉપનિષદો અને પુરાણોમાં 'મા દુર્ગાની' શક્તિની સાધનાને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. માટે જ નવરાત્રિનાં નવ દિવસો દરમિયાન આદિશક્તિ દુર્ગાનાં નવ સ્વરૂપોનું પૂજન કરવામાં આવે છે જે 'નવદુર્ગા'ના નામથી પ્રખ્યાત છે. સંતોએ મહાશક્તિની આરાધના કરતાં કહ્યું છે કે, જે શક્તિ પુણ્ય-આત્માઓનાં ગૃહમાં સ્વયં લક્ષ્મીનાં રૂપે, વિદ્વાનોના ગૃહમાં જ્ઞાન રૂપે, કુલીન અને સંસ્કારી વ્યક્તિઓનાં ગૃહમાં લક્ષ્મીરૂપે, શુદ્ધ અને પવિત્ર અંતઃકરણવાળી વ્યક્તિઓનાં ગૃહમાં સદ્બુદ્ધિના રૂપે બિરાજમાન છે, તે આદ્યશક્તિ ભગવતી દુર્ગાને અમે શત શત પ્રણામ કરીએ છીએ. આદિશક્તિને વિનંતી કરીએ છીએ કે - હે મા, આપ ઘણાં જ દયાળુ છો, આ સમગ્ર સંસારનું પાલન પોષણ આપ જ કરો છો.

નવરાત્રિના દિવસોમાં કન્યા પૂજનનું ખૂબ જ મહત્ત્વ હોય છે. તેમજ લોકો જાગરણને ઉપવાસની સાથે સાથે મા દુર્ગા, કાળી, સરસ્વતી તેમજ અન્ય દેવીઓના સ્વરૂપને ખૂબ જ ઉમંગ અને ઉત્સાહ સાથે પૂજે છે. આ બધી વિધિઓ અને ક્રિયાઓ કરતાં કરતાં મનમાં સહેજે આ પ્રશ્ન ઊભો થાય છે કે 'આદિ શક્તિ' જેમને આપણે આટલા ભક્તિ ભાવે પૂજીએ છીએ. એમનું વાસ્તવિક સ્વરૂપ શું છે? શું આપણામાંથી કોઈનેય 'મા દુર્ગા' કે 'મા સરસ્વતી'નો વાસ્તવિક પરિચય છે ખરો? અને ભૂતકાળના સમયગાળામાં કન્યાઓએ એવું ક્યું મહત્વપૂર્ણ કાર્ય કરેલું કે જેની સ્મૃતિમાં આજ સુધી એમનું પૂજન કરવામાં આવે છે? આ બધા જ પ્રશ્નોના જવાબ જાણવા માટે નવરાત્રિ સાથે સંબંધિત ત્રણ મુખ્ય પ્રસંગ, જેને કથા રૂપે ભક્તો સવિસ્તાર સાંભળે છે. તે મદદરૂપ સિદ્ધ થઈ શકે છે. ત્રણેય કથાઓનો વાસ્તવિક ભાવ એ છે કે પાછલી ચાતુર્યુગીના અંતમાં જ્યારે વિનાશકાળ નજીક હતો અને સમગ્ર સૃષ્ટિ ઉપર અજ્ઞાન થતા તમોગુણ રૂપી રાત્રિ છવાયેલી હતી. ત્યારે રાગ અને દ્વેષ તેમજ હિંસા (શુભ અને અશુભ) એ બધા નર-નારીઓને, કે જેઓ સતયુગમાં દિવ્યતા સમ્પન્ન હોવાને કારણે દેવતા કહેવાતા હતા. જેઓનું ક્રમશઃ અધોપતન થતું ગયું. આવા ધર્મગ્લાનિના સમયમાં પરમપિતા પરમાત્માએ

(અનુસંધાન પેજ નં. 23 પર)

# જીવન અને મૃત્યુ

બ્ર.કુ. અનિલ, સુરત

જીવન એટલે જન્મ અને મૃત્યુના બે બિંદુઓ વચ્ચેનો આયુષ્ય ખંડ. આ સમયપટ એટલે પુરુષાર્થના અક્ષરો અંકિત કરવાની સોનેરી તક. જીવનનો અર્થ જ લક્ષ્ય છે. પછી તે લક્ષ્ય જ્ઞાન દ્વારા પ્રાપ્ત કરવાનું હોય, પુરુષાર્થના બળે મેળવવાનું હોય કે સેવાની સુગંધથી મહેંકવાનું હોય, પણ ગતિ તો કરવાની છે એ નિશ્ચિત છે. મનુષ્ય જીવન દુર્લભ છે, એ ઘણાં અર્થમાં સાચું છે. માત્ર શ્વાસોચ્છશ્વાસ લેવા એ જીવનકાર્ય નથી. માત્ર અસ્તિત્વ ટકાવવું એ જીવન નથી. બીજાનો લોપ કરીને જીવવું એ પણ જીવન નથી. પ્રાણ તો ઈશ્વરે અનેક જીવોને આપ્યા છે. એ બધાં જીવો એક યા બીજા પ્રકારની જીંદગી તો જીવે જ છે, જ્યારે મનુષ્ય જીવન દુર્લભ ગવાયો છે એ સાર્થક કરવો જરૂરી છે.

આયુષ્યના બે ધ્રુવ બિંદુ જન્મ અને મૃત્યુ. પણ માનવ જન્મનો જેટલો આનંદ મનાવે છે એટલો જ તે મૃત્યુથી ભય પામે છે. જેમ જન્મ એ જીવનનું સત્ય છે તેમ મૃત્યુ પણ ઉત્સવ જ છે. મૃત્યુને આપણે ભયના રંગથી એટલું બધું રંગી નાખ્યું છે કે એનો સાચો રંગ દેખાતો જ નથી. મૃત્યુને જાણ્યા પછી મનુષ્ય નિર્ભય બની જાય છે. આપણે મૃત્યુથી જેટલા નથી ડરતા એટલું આપણા કર્મોના પડછાયાથી ડરીએ છીએ. આપણા ખોટાં કર્મો અનેક પ્રશ્નો બનીને આપણી આગળ બિહામણું રૂપ ધારણ કરીને ઊભા રહે છે અને તેને આપણે મૃત્યુનું ભયાનક સ્વરૂપ માનીએ છીએ.

જીવતા જીવન તરફ દ્રષ્ટિ કરીશું તો ઘણાંને ખબર નથી કે જીવન એટલે શું? પણ તેમને એટલી તો ખબર છે કે ભૂખ લાગે ત્યારે ખાવાનું જોઈએ છે ટાઢ, તડકો અને વર્ષાથી બચવા વસ્ત્ર અને ઘર જોઈએ છે પણ તેમને જ્ઞાન નથી કે જીવન આનાથી વિશેષ છે તેથી તેઓ આ સરહદથી આગળ જઈ શકતા નથી અને જેમનામાં જીવન વિશેનું સાચું જ્ઞાન છે તે પૂર્ણ મનુષ્ય બનવા, પુરુષોત્તમ બનવા લક્ષ તરફ ઉન્નતિ કરતો રહે છે. જીવન એક અપૂર્વ તક છે પોતાની જાતને વ્યક્ત કરવાની. જ્ઞાન નૂતન રેખાઓ દોરવાની, સ્નેહ દ્વારા - સ્નેહ પામવાની, પ્રયત્નો કરવાની ને પુરુષાર્થ કરવાની. આ તક મનુષ્ય ઝડપી લે તો તે માનવી આત્મિક આનંદનો અનેરો અનુભવ જરૂર કરશે.

ખરું જોતા તો મૃત્યુ એ જીવનનો અંત નથી અને તેથી તેનાથી ભય પામવાની પણ જરૂર નથી. જન્મ જીવનનો હિસાબ માંગતો નથી તેથી તે આપણને ગમે છે પણ મૃત્યુ જીવનો હિસાબ કરવા પ્રેરે છે, તેથી અજાણ્યા ભયથી આપણે ધ્રૂજી જઈએ છીએ. કારણ કે આપણે જાણીએ છીએ કે આપણા જીવનની ઉધાર બાજુ ખીચોખીચ ભરેલી છે. જન્મી તો સૌ જાણે છે પણ જે મરી જાણે તે સાચો માનવી અને મૃત્યુને મારવા માટે તો માનવીએ સાચું જીવન જીવવું જ પડે. કીર્તિ કેરાં કોટડા ન હોય તો વાંધો નહિ. સુવર્ણની દીવાલ ન હોય તોયે વાંધો નહિ. પણ જન્મ અને મૃત્યુ વચ્ચેના કાળખંડમાં એણે ક્યારેય નિ:સ્વાર્થપણે કોઈને સ્નેહ આપ્યો છે?

જીવન બે રીતે જીવાય છે. એક રીત છે. જૂઠા મૂલ્યોની માવજત કરીને, જૂઠાને સત્ય તરીકે પ્રસ્થાપિત કરીને. બીજી રીત છે સાચા મૂલ્યોની માવજત કરીને, સત્યને સત્ય તરીકે સ્થાપીને. જો કે સત્યનો માર્ગ સરળ નથી. જૂઠનો જુગાર ખેલનાર નિદ્રા પણ લઈ શકતા નથી. જીવન એક

(અનુસંધાન પેજ નં. 16 પર)

# પ્રસંગ પરિમલ

## નાસ્તિકની દિશા બદલાઈ ગઈ

બે મિત્રો હતા. એક બહુ ધાર્મિક પ્રવૃત્તિનો હતો અને સદૈવ પ્રભુ ચિંતનમાં વ્યસ્ત રહેતો હતો. પરંતુ બીજો ઘોર નાસ્તિક હતો. તે કદી મંદિર જતો નહોતો કે ઘરમાં પૂજા પાઠ પણ કરતો નહોતો. એને દાનપુણ્યમાં કોઈ વિશ્વાસ નહોતો. એણે પોતાના જીવનમાં એક માત્ર લક્ષ્ય વધારેમાં વધારે ધન એકઠું કરવાનું રાખ્યું હતું. તે દિવસ રાત પૈસા કમાવવામાં જ વ્યસ્ત રહેતો અને ભૌતિક સુખ સગવડોથી તેણે પોતાનું જીવન ઐશ્વર્ય તથા ભોગવિલાસના પર્યાયસમું બનાવી દીધું હતું. પરંતુ સુખ અને સંતોષ એના જીવનમાં નહોતાં. એનાથી વિપરીત એનો આસ્તિક મિત્ર પોતાની નિર્ધનતામાં જ પરમસુખી હતો. તે ઓછાં સાધનોમાં પણ સંતુષ્ટ રહેતો અને હંમેશાં ઈશ્વરની ભક્તિમાં મગ્ન રહેતો. એક દિવસ નાસ્તિક મિત્ર એના ઘેર મળવા આવ્યો અને એનું સાધારણ ઘર જોઈને બોલ્યો. તમારા ત્યાગની પ્રશંસા જેટલી કરીએ તેટલી ઓછી છે. તમે તો ભગવાનની ભક્તિમાં સમગ્ર દુનિયા છોડી દીધી. છતાં પણ ખુશ કઈ રીતે રહો છો? આ સાંભળીને તે બોલ્યો - મિત્ર! હું મારી નિર્ધનતામાં પણ ઘણો પ્રસન્ન અને સંતુષ્ટ છું પરંતુ ત્યાગ તો તમારો મારાથી પણ ઘણો મોટો છે કારણ કે તમે તો દુનિયા માટે ઈશ્વરને જ છોડી દીધા છે. તમે કહો પ્રસન્ન તો છો ને? પોતાના મિત્રની વાત સાંભળીને નાસ્તિકને ગહન ઝટકો લાગ્યો અને એને પોતાના અસંતોષનું કારણ પણ સમજાઈ ગયું. એ દિવસથી એના જીવનની દિશા બદલાઈ ગઈ. અને હૃદય ઈશ્વર તરફ વળ્યું.

કથાનો સાર એ છે કે ઈશ્વર જ પરમ સત્તા છે. જેને અનુકૂળ અને પ્રતિકૂળ બંને જ સ્થિતિઓમાં યાદ કરવા જોઈએ. એમની કૃપાથી સદૈવ કલ્યાણ જ થાય છે..

## અજ્ઞાનને પણ જાણો

માનવ ભણે છે, જાણે છે અને કેટલાક લોકો માની પણ લે છે. પરંતુ કોઈ પણ વ્યક્તિ આ દુનિયામાં એવી નહીં મળે, જે કહી શકે કે હું સર્વકાંઈ જાણું છું. જે જાણે છે તે કેટલું જાણે છે? જો આપણે જ્ઞાત અને અજ્ઞાતની તુલના કરીએ તો અજ્ઞાન એક મહાસમુદ્ર છે અને એમાં જે જ્ઞાન છે, તે એક નાનકડા ટાપુથી વધારે કંઈ નથી. માત્ર એક નાનકડો દ્વીપ છે. અજ્ઞાન ઘણું વધારે છે.

એક અનુશ્રુતિ છે, તે ઘણી જ માર્મિક છે. એમ કહેવાય છે કે યૂનાનની રાજધાની એથેન્સમાં એક દિવસ દેવવાણી થઈ કે સોક્રેટીસ સૌથી મોટા જ્ઞાની છે. જે લોકો સોક્રેટીસના પ્રશંસક હતા. તેઓ દોડીને સોક્રેટીસની પાસે પહોંચ્યા અને એમને જણાવ્યું કે આકાશવાણી થઈ છે કે આપ સૌથી મોટા જ્ઞાની છે. જે લોકો સોક્રેટીસના પ્રશંસક હતા તેઓ દોડીને સોક્રેટીસની પાસે પહોંચ્યા અને એમને જણાવ્યું કે આકાશવાણી થઈ છે કે આપ સૌથી મોટા જ્ઞાની છો. સોક્રેટીસે કહ્યું કે આ બિલકુલ ખોટી વાત છે. તમે લોકોએ આકાશવાણી સારી રીતે સાંભળી નહીં હોય. હું સૌથી મોટો જ્ઞાની નથી. હું તો પોતાને અજ્ઞાની માનું છું.

લોકો પાછા ગયા અને દેવીને પૂછ્યું કે આપે કહ્યું હતું કે સોક્રેટીસ બહુ મોટા જ્ઞાની છે. જ્યારે અમે લોકોએ આ વાત એમને કહી તો તેઓ કહે છે કે આ વાત જૂઠી છે. હું સૌથી મોટો જ્ઞાની નથી, અજ્ઞાની છું. હવે આપ જણાવો કે સચ્ચાઈ શામાં છે? દેવીએ કહ્યું, જે પોતાના અજ્ઞાનને જાણે છે તે જ જ્ઞાની હોય છે. જે જ્ઞાનનો અહંકાર કરે છે. તે

કદી જ્ઞાની હોઈ શકે નહીં. દરેક વ્યક્તિ અનુભવ કરી, પોતાના અજ્ઞાનને જુએ કે હું અત્યારે કેટલું ઓછું જાણું છું. ઘણું બધું જાણવાનું છે. કેટલાક લોકો ભણી ગણીને અહંકારી બની જાય છે, આ પ્રવૃત્તિ બરાબર નથી.

## સુખનું મૂળ

એક માનવી સંન્યાસીની પાસે ગયો. અને ધનની યાચના કરી. સન્યાસીને કહ્યું, મારી પાસે કંઈ નથી. એણે બહુ આગ્રહ કર્યો એટલે સંન્યાસીએ કહ્યું. જાઓ, સામે નદી કિનારે એક પથ્થર પડ્યો છે તે લઈ જાઓ. સંન્યાસીએ કહ્યું તે પારસમણિ છે. એનાથી લોખંડ સોનું બની જાય છે. તે ઘણો પ્રસન્ન થયો. સંન્યાસીને પ્રણામ કરી તે ત્યાંથી ગયો. થોડે દૂર જતાં એના મનમાં એક વિકલ્પ ઉઠ્યો. પારસમણિ જ જો સર્વશ્રેષ્ઠ હોત તો સંન્યાસી એને શા માટે છોડી દેત? તે પાછો આવ્યો અને પ્રણામ કરીને બોલ્યો. બાબા મારે આ પારસમણિ ના જોઈએ. મને એ આપો જેને મેળવીને તમે આ પારસમણિને ઠુકરાવી દીધો. કહેવાનો અર્થ એ છે કે પારસમણિને ઠુકરાવવાની શક્તિ કોઈ ભૌતિક સત્તામાં હોતી નથી. અધ્યાત્મ પણ એક એવી સત્તા છે જેની દૃષ્ટિથી પારસમણિનો પથ્થરથી વધારે કોઈ ઉપયોગ નથી. આનંદના સ્ત્રોતના સાક્ષાત્કાર થતાં જ માનવ એને એ રીતે ઠુકરાવી દે છે જે રીતે સંન્યાસીએ પારસમણિને ઠુકરાવ્યો હતો. આપણી કસ્તૂરી મૃગ જેવી દશા થઈ રહી છે. કસ્તૂરી નાભિમાં છે અને મનુષ્ય કસ્તૂરીની શોધમાં ભટક્યા કરે છે.

॥ ઓમશાંતિ ॥

● **જીવન છે એટલે મુશ્કેલીઓ તો આવવાની જ. મુશ્કેલી વગરનું જીવન એ સાચું જીવન નથી.**

**(પેજ નં. 19નું અનુસંધાન)... પરિવર્તન જ** બને. એવો કયો મનુષ્ય હશે, કે જેને સુખની ઈચ્છા ન હોય. આ સુખ મેળવવા માટે દરેક મનુષ્ય પ્રયત્નશીલ છે. પ્રગતિપથ પર અગ્રેસર થયા માટે સતત પ્રયત્નશીલ છે. પ્રગતિપથ પર અગ્રેસર થવા માટે સતત પ્રયત્નશીલ રહેવું એક સ્વાભાવિક વૃત્તિ છે. ગંભીરતાપૂર્વક અને સચ્ચાઈ સાથે પ્રયત્ન કરવાથી કઠણ કાર્ય પણ સરળ બની જાય છે. દીવો પોતાની જ્યોત પ્રગટેલી રાખવા માટે વાટ અને તેલ બાળે છે. એ રીતે જે માનવ સખત પરિશ્રમ કરે છે. તે અવશ્ય પોતાના જીવનમાં સફળતા પ્રાપ્ત કરે છે. સરોવરના સ્થિર જળમાં અને કલકલ વહેતી પ્રવાહી નદીના જળમાં કેટલો તફાવત છે. વહેતી નદીનું જળ નિર્મળ અને સ્વાદિષ્ટ હોય છે. જ્યારે સરોવરનું સ્થિર જળ મલિન, દુર્ગંધયુક્ત હોય છે. જો આપ જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા ઈચ્છો છો તો નદીની જેમ નિરંતર આગળ વધતા રહેવું જોઈએ. કહેવાય છે કે બેઠેલાનું ભાગ્ય બેઠેલું રહે છે. ઊભા રહેનારનું ઊભું રહે છે. સૂનારનું ભાગ્ય સૂતેલું રહે છે અને ઉઠીને ચાલનારનું ભાગ્ય ચાલે છે એટલે સદા ચાલતા રહો, આગળ વધતા રહો.

## પરિવર્તનના સમયે ત્રણ વાતો અપનાવો

દરરોજ આપણું જીવન વ્યર્થ કાર્યો, વાતો, નિંદા તથા આળસમાં અજાણપણે વ્યર્થ જાય છે. જેની આપણે ગણત્રી કરતા નથી. જ્યારે આપણે બુદ્ધિને વ્યર્થ વાતોથી મુક્ત રાખીએ છીએ, તો અથાહ ખુશી અને નશાનો અનુભવ થાય છે. તેના પરિણામે પરિવર્તનના સમયમાં ઘણા સુંદર, ગહન અને અલૌકિક અનુભવ થતા રહે છે. બુદ્ધિને ન્યાચી રાખવા માટે સરળ સ્વભાવ, સકારાત્મક ભાવ અને કલ્યાણની ભાવનાને જીવનનું અંગ બનાવીએ.

॥ઓમશાંતિ ॥

# સમય વર્તે સાવધાન

## બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી.

દિવસનો પ્રભાતનો પહોર, પછી થાય બપોર અને દિવસ પૂરો થવા આવે ત્યારે સાંજ પડે. પૂર્વમાં ઉગેલો સૂર્ય જે ઉષાના દર્શન કરાવે તે જ સૂર્ય સાંજે પશ્ચિમમાં આથમતા પહેલાં સંધ્યાના દર્શન કરાવે. પ્રગટાવેલો દીપક જ્યારે દીવેલ પૂરું થયે ઓલવાઈ જતાં પહેલા ખૂબ જ પ્રકાશ આપે છે. તેમ પશ્ચિમ દિશામાં સૂર્ય નારાયણ આથમતી વેળાએ ખીલેલી સંધ્યાના એવા તો સુંદર દર્શન કરાવે છે કે આપણે એના દર્શનમાં તલ્લીન થઈ જઈએ છીએ. અને મુખમાંથી શબ્દો સરી પડે છે કે ‘વાહ ! કેવી સુંદર સંધ્યા ખીલી છે!’ ઢળતી સાંજના સંધ્યાના રંગો જોતાં જોતાં થોડીવારમાં સૂરજ આથમી જાય છે અને ચારે બાજુ અંધારું છવાઈ જાય છે.

આવું જ આપણી જીવનની અવસ્થા વિષે જાણીએ, બચપણ એ જીવનનું પ્રભાત, યુવાવસ્થા તે જાણે બપોરે અને વૃદ્ધાવસ્થા તે જીવનસંધ્યા. પેલી સંધ્યાની જેમ જીવનની સંધ્યા પણ ખીલે છે. મૃત્યુ પહેલાં પરભવનું ભાથું તૈયાર કરવામાં જીવન સંધ્યાના વિવિધ રંગો જોવા મળે છે ને?

સૃષ્ટિચક્રની વાત કરીએ તો સતયુગએ જાણે પ્રભાતનો પહોર, ત્રેતા/ દ્વાપર તે બપોર અને કલિયુગ એ જાણે સાંજ. આખો કલ્પયુગ પૂરો થાય એ પહેલાં ઈશ્વર આ ધરતી પર આવે છે અને ઓલવાયા પહેલાં દીપક ખૂબ પ્રકાશ આપે છે અને સાંજની સંધ્યા સોળે કળાએ ખીલે છે તેમ જીવન સંધ્યા પણ ખીલે છે એ જ રીતે ઈશ્વરના આગમનથી સૃષ્ટિચક્રમાં એક નાનકડો યુગ ‘પુરુષોત્તમ કલ્યાણકારી સંગમયુગ’ શરૂ થાય છે. આ ગુપ્ત યુગમાં ઈશ્વર દ્વારા કલિયુગી દુનિયાનો ખાત્મો અને સતયુગી દુનિયાની પૂર્વ તૈયારીનું ગુપ્ત કાર્ય થાય છે. હાલ આ કલ્પયુગની સંધ્યા બરાબર ખીલી છે. એક બાજુ મહાવિનાશ મોઢું ફાડીને ઊભો છે. બીજી બાજુ ઈશ્વરીય સ્વર્ગીય સુખનો અનુભવ કરાવી રહ્યો છે. આવો અનુભવ કરાવવા એ પોતે સ્થાપના કરેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં ગીતા જ્ઞાન અને રાજયોગનું શિક્ષણ આપી રહ્યા છે. ઈશ્વરને અને ઈશ્વરની આ પ્રવૃત્તિને ઓળખી જનાર પોતાનું કલ્પભરનું ભાગ્ય બનાવવાના પ્રખર પુરુષાર્થમાં લાગી જાય છે.

ચોર્યાશીના ચક્કરમાં છેલ્લે પરમપિતા પોતાનાં સંતાનોને ભાન કરાવે છે કે, હાલ બાળક, યુવાન કે વૃદ્ધ સૌ કોઈની વાનપ્રસ્થ અવસ્થા છે. આખો કલ્પ પ્રવૃત્તિરૂપી ધમપછાડા ખૂબ કર્યા. હવે શાંત થઈ જવાનો સમય છે અને મને યાદ કરવાનો સમય છે. પરભવનું ભાથુ અર્થાત્ આખા કલ્પની કમાણી કરવાનો આ સમય છે. તો આ માટે જ્ઞાન, યોગ, ધારણા અને સેવાના વિષયમાં પાસ થવાનો કેવો પુરુષાર્થ કરવો જોઈએ? કોઈ આત્મા રૂપી ભાઈનું ભલું કરીશું તો પુણ્ય થશે. મતલબ કે કોઈને આ ઈશ્વરીય કાર્યમાં મદદરૂપ થવા પ્રેરીશું તો આંગળી ચીંધ્યાનું પુણ્ય થશે. હાલ આવો જ સોનાથી યે કીમતી સમય ચાલી રહ્યો છે. તો સમય વર્તે સાવધાન !

**॥ઓમશાંતિ॥**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati



રાજુલા ખાતે નર્મદા સીમેન્ટ કંપનીના અધિકારીઓ કાર્યક્રમ અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ગોયલ, પ્રમુખ સુશીલભાઈ ગુપ્તાને રક્ષાબંધન કર્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. અનુબેન, બ્ર.કુ. સરોજબેન.



બાંટવામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગને પ્રસ્તુત કરનાર બાળ કલાકારો સાથે સમૂહચિત્રમાં બ્ર.કુ. મધુબેન.



વડોદરા અલકાપુરી સેવાકેન્દ્રમાં જન્માષ્ટમી મહોત્સવ પર આયોજીત ભવ્ય અલૌકિક સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરતી રાધા-ગોપીઓ.



વડોદરા અટલાદરામાં જન્માષ્ટમી પર્વ પર દીપ પ્રગટાવતા BJP શહેર પ્રમુખ ડૉ.વિજયભાઈ શાહ, બ્ર.કુ. અરૂણાબેન તથા અન્ય.



કિલ્લા પારડીમાં કૃષ્ણજન્મોત્સવમાં બ્ર.કુ. પારૂલબેન, સ્વતંત્ર સેનાની મગનભાઈ, યોગશિક્ષક જાગૃતિબેન, સીમાબેન, વસુબેન તથા બાળકો.



રાજકોટ રાજનગરમાં શ્રીકૃષ્ણ બાળલીલાની ઝાંખીમાં MLA ભ્રાતા ગોવિંદભાઈ, કૉરપોરેટર અશ્વિનભાઈ, બ્ર.કુ. રીટાબેન તથા મહેમાનો.




અબ્રામામાં ગોકુળાષ્ટમી ઉત્સવ પર સાંસ્કૃતિક કાર્યક્રમના બાળકલાકારો સાથે કેક કાપતાં બ્ર.કુ. સંગીતાબેન, બ્ર.કુ. વીણાબેન.




સુરત મોટા વરાછામાં નંદમહોત્સવ પ્રસંગે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમના બાળકલાકારો સાથે બ્ર.કુ. મીનાબેન, બ્ર.કુ. ફાલ્ગુનીબેન.

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં સપ્ટેમ્બર–૨૦૨૨ માસની શબ્દાવલી : ભાગ–૨૨ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી : ભાગ–૨૩ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. આપને આવતા નવેમ્બર–૨૦૨૨ના અંકમાં સંગમયુગની શબ્દાવલી : ભાગ–૨૩ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ-૨૩



### શબ્દાવલી ભાગ-૨૨ ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 ભા | 2 દ | 3 ર | વો | | 4 ઋ | ષિ | 5 પાં | ચ | 6 મ |
| 7 ર | ત | ન | | 8 ર | ણ | | વ | | યુ |
| 9 ત | ક | | 10 શિ | ક્ષા | | | 11 ભા | 12 દ | ર |
| | | 13 મો | ક્ષ | | 14 મ | ર | જી | વા | |
| | | 15 દી | ક | 16 રી | | | | | |
| | 17 ર | | 18 દિ | લ | 19 ત | ખ્ત | 20 ન | 21 શી | ન |
| 22 ગ | જા | ન | ન | | ખ્ત | | 23 ય | શ | |
| 24 ગ | ઈ | | | 25 ક | | 26 ન | ન | | 27 મ |
| ન | | 28 આ | 29 નં | દ | કિ | શો | ર | દા | દા |
| | 30 અ | જ | ગ | ર | | | મ્ય | | ર |

**આડી ચાવીઓ:–**

૧. નોરતા (૪)
૫. બ્રહ્માભોજનમાં સૌ પહેલા ..... નક્કી થાય (૨)
૭. ૧૨ માસ એટલે (૩)
૮. સતયુગમાં .....નું રાજ્ય (૬)
૯. પિસ્તોલ, બંદુક (૨)
૧૧. સિલ્વર જ્યુબીલીનું ગુજરાતી (૬)
૧૨. એક વરસના કેટલા માસ? (૨)
૧૩. રાવણને ..... માથા (શીશ) (૨)
૧૫. સ્મરણ, યોગ (૨)
૧૯. મુરલીની પુખરાજ પરી અને ..... (૫)
૨૧. બારિશ (૪)
૨૩. સંબંધ, સગપણ (૨)
૨૪. કદી શબ્દને ઉલટાવીને લખો (૨)
૨૫. એક ..... દુવા કા (૨)
૨૭. અનાજ સાફ કરવાનું સાધન (૩)
૨૮. શોષણ (૩)
૩૦. ..... નવમી (૨)

**ઊભી ચાવીઓ:–**

૧. નવ દેવઓનો સમૂહ (૪)
૨. વરદાન, આર્શિવાદ, કૃપા (૨)
૩. નવરાત્રીમાં .....ની રમઝટ હોય (૫)
૪. ધનતેરસમાં ..... કરવામાં આવે (૫)
૫. બી.કે. કહે છે ..... બાબા (૨)
૬. બેસતું વર્ષ, નવું વર્ષ (૩)
૧૦. દૃષ્ટિ (૩)
૧૪. આસોની અજવાળી રાત (૬)
૧૫. યજ્ઞમાં ધ્યાનનો પાર્ટ બજાવનાર દાદી (૪)
૧૭. સૂક્ષ્મવતનવાસીને ..... પણ કહેવાય (૩)
૧૮. તુલસી વિવાહ અથવા કારતક સૂદ પૂનમ (૫)
૨૦. સ્વર્ગ, સતયુગ (૪)
૨૨. લોકર શબ્દને ઉલ્ટો લખો (૩)
૨૬. સ્મૃતિ, મેમોરી (૨)
૨૭. સોલ્યુશન (૨)



ડીસામાં 'હર ઘર ત્રિરંગા' અભિયાન અંતર્ગત રાષ્ટ્રધ્વજ અર્પણ કાર્યક્રમમાં ડૉ. નગીનભાઈ પટેલ, બ્ર.કુ. સુરેખાબેન, બ્રહ્માવત્સો.



અમદાવાદ સુખશાંતિ ભવનમાં 'સ્વાતંત્ર્ય દિને' રાષ્ટ્રધ્વજ ફરકાવી 'ત્રિરંગા સંદેશ યાત્રા' શરૂ કરતાં બ્ર.કુ. નેહાબેન સાથે બ્રહ્માવત્સો.



ચિલોડામાં ૧૫મી ઓગષ્ટે ઓમ એજ્યુકેશન કેમ્પસમાં ધ્વજવંદન કાર્યક્રમમાં બ્ર.કુ. તારાબેન, ભ્રાતા શાંતિભાઈ, ભૂમિસેનાના જવાનો.




સુરત રાંદેર ખાતે સાઉથ ગુજરાત મેડીકલ એજ્યુકેશનના પ્રમુખ ભ્રાતા ફકીરભાઈને રક્ષાબંધન બાદ સૌગાત આપતાં બ્ર.કુ. ઋષિબેન.



રાજકોટ રવિરત્ન સેવાકેન્દ્ર દ્વારા મુંજકા પોલીસ સ્ટેશનના PI ભ્રાતા અરવિંદસિંહજી જાડેજાને રક્ષાબંધન કર્યા બાદ સૌગાત આપતાં બ્ર.કુ. ગીતાબેન સાથે બ્ર.કુ. વિધિબેન તથા અન્ય.



મરોલીમાં માનસિક સ્વાસ્થ્ય અને વ્યસન મુક્તિ કેન્દ્રમાં દર્દીઓને ઈશ્વરીય સંદેશ આપ્યા બાદ રક્ષાબંધન કરતાં બ્ર.કુ. મુકેશબેન.



ઉમરગામમાં તાલુકા વિકાસ અધિકારી ભ્રાતા અક્ષયસિંહ રાજપૂતને રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. ચેતનાબેન.




સાઉથ વેસ્ટન અમેરિકન યુનિવર્સિટિ દ્વારા અન્નાડીએમકેના અધ્યક્ષ ડૉ. તામિલ માંગન હુસૈન બ્ર.કુ. ગંગાધરભાઈને ડીલીટની પદવી આપતાં.

**Gyan Amrit** Vol.15 | Issue 10 | October 2022| Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 Vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December 2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



ઉદવાડા સેવાકેન્દ્ર પર ગુજરાત સરકારના નાણામંત્રી ભ્રાતા કનુભાઈ દેસાઈને સ્વાગતનું તિલક કરતાં બ્ર.કુ. મીનળબેન બાજુમાં બ્ર.કુ. પારૂલબેન.



મહેસાણામાં 'હર ઘર ત્રિરંગા'કાર્યક્રમમાં SP ભ્રાતા અચલ ત્યાગી IPS, પૂર્વ ચીફ ચેરિટી કમિશનર ભગિની શમિષ્ટાબેન દવે, ભારત સરકારના પૂર્વ વૈજ્ઞાનિક ભ્રાતા દશરથભાઈ પટેલ, BJP જિલ્લા પૂર્વ પ્રમુખ કેશુભાઈ, બ્ર.કુ. શક્તિરાજભાઈ, બ્ર.કુ. હરીશ મોયલ, બ્ર.કુ. સરલાબેન તથા બ્ર.કુ. કુસુમબેન.



છોટા ઉદેપુર જીલ્લા કલેક્ટર ભગિની સ્તુતિ ચરણ IAS,ને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. મોનિકાબેન.



આણંદ જિલ્લા કલેક્ટર ભ્રાતા મનોજભાઈ દક્ષિણી IAS,ને ઈશ્વરીય રાખી બાંધતા બ્ર.કુ. ગીતાબેન.



પાટણ જિલ્લાના સુપ્રિન્ટેન્ડટ ઑફ પોલીસ ભ્રાતા વિજયભાઈ પટેલ IPS,ને રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. નીલમબેન.




અમરેલી જિલ્લાના સુપ્રિન્ટેન્ડટ ઑફ પોલીસ ભ્રાતા હિમકર સીંગ IPS,ને રાખડી બાંધતા બ્ર.કુ. ગીતાબેન.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com